RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક
Year-16, Issue-231 ■ DATE : 12-01-2026 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

**સુવિચાર**

ખોટા આરોપની ક્યારેય ચિંતા ના કરશો કેમકે સમયનું ગ્રહણ તો ચાંદને પણ લાગે છે...




ગોંડલમાં સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી એસએમસીના દરોડાઃ રૂ.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે P-4

# ભારત-જર્મનીનો દ્વિ-પક્ષીય વેપાર ૫૦ બિલિયન ડોલરને પાર

**વડાપ્રધાન મોદીએ આજે જર્મન ચાન્સેલર સાથે ગાંધી આશ્રમની મુલાકાત લીધીઃ મોદી-ફ્રેડરિક મર્ઝે ખુલ્લી જીપમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ નિહાળ્યોઃ ઈન્ડિયા-જર્મની સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપિત થશે**









**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વડાપ્રધાન મોદીએ આજે જર્મન ચાન્સેલર સાથે ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. ગાંધી આશ્રમ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જર્મન ચાન્સેલરનું સ્વાગત કર્યું હતું. અહીં બંને નેતાઓએ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હૃદયકુંજની મુલાકાત પણ લીધી હતી. અહીંથી બંને નેતા પતંગ મહોત્સવમાં પહોંચ્યા હતા, જ્યાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમનું સ્વાગત કર્યું હતું.

પતંગ મહોત્સવમાં મોદી-ફ્રેડરિક મર્ઝે ખુલ્લી જીપમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ નિહાળી ભારત-જર્મનીની ફ્રેન્ડશિપનો પતંગ ચગાવ્યો હતો. અહીં તેમણે રિવરફ્રન્ટ પણ જોયો હતો.

ગાંધીનગર મહાત્મા મંદિરમાં બંને નેતાની દ્વિ-પક્ષીય બેઠક યોજાઈ હતી. જેમાં વેપાર-રોકાણ મુદ્દે ચર્ચા થઈ હતી. બાદમાં મોદી અને મર્ઝે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી. જેમાં PMએ કહ્યું હતું કે આવકારો મીઠો આપજે રેની ભાવના સાથે મર્ઝનું ભારતમાં હાર્દિક અભિનંદન છે. સાથે જ તેમણે જણાવ્યું હતું કે ભારત-જર્મની દ્વિ-પક્ષીય વેપાર ૫૦ બિલિયન ડોલરને પાર થઈ ગયો છે અને ઈન્ડિયા-જર્મની સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપિત થશે.

ઉલ્લેખનીય છે કે બંને નેતા જ્યારે અમદાવાદની મુલાકાતે છે ત્યારે અમદાવાદમાં હવા પ્રદુષણ ગંભીર સ્થિતિમાં છે અને AQI 233 સુધી પહોંચ્યો છે.

ગઈકાલે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ ભારત મુલાકાત માટે સીધા અમદાવાદ પહોંચ્યા હતા. ITC નર્મદા હોટલમાં ફ્રેડરિક મર્ઝનું પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝએ અમદાવાદના સાબરમતી નદીના તટે ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે બંને મહાનુભાવોએ મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સાથે જ વડાપ્રધાન અને જર્મનીના ચાન્સેલરે આશ્રમમાં ગાંધીજીના નિવાસસ્થાન હૃદય કુંજની પણ મુલાકાત લઈ રેંટિયો કાતવાની પ્રક્રિયાને નિહાળી હતી. ગાંધી આશ્રમની મુલાકાત દરમિયાન ગાંધીજીના સાદગીપૂર્ણ જીવન, આત્મનિર્ભરતાના સંદેશ તેમજ સત્ય અને અહિંસાના મૂલ્યો અંગે બંને નેતાઓએ ઊંડો આદર ભાવ વ્યક્ત કર્યો હતો.

ફ્રેડરિક મર્ઝે વિઝિટર્સ બુકમાં મેસેજ આપતા જણાવ્યું કે, સ્વતંત્રતાની શક્તિ અને દરેક વ્યક્તિના મનમાં મહાત્મા ગાંધીનો અડગ વિશ્વાસ આજે પણ આપણને પ્રેરણા આપે છે. આ માનવીય વારસો ભારત અને જર્મનીના લોકોને મિત્રતા દ્વારા એકસાથે જોડે છે, દુનિયામાં આજે પણ ગાંધીજીના ઉપદેશો એટલા જ પ્રસ્તુત છે.

ગ્રીન હાઈડ્રોજનમાં બન્ને દેશોની કંપનીઓના નવા મેગા પ્રોજેક્ટ ભવિષ્ય માટે ગેમચેન્જર સાબિત થશે. ભારત અને જર્મની સિક્યોર, ટ્રસ્ટેડ, રિઝિલિયન્ટ સપ્લાય ચેનના નિર્માણ માટે મળીને કામ કરે છે. આ તમામ વિષયો પર આજે કરવામાં આવી રહેલા એમઓયુ પર આપણા સહયોગને નવી ગતિ મળશે. રક્ષા અને સુરક્ષામાં વધતો સહયોગ આપણા પરસ્પર વિશ્વાસ અને સહજ વિચારધારાનું પ્રતીક છે. રક્ષા વેપાર સાથે સંકળાયેલી પ્રાથમિકતાઓને સરળ બનાવવા માટે હું ચાન્સેલર મર્ઝનો હૃદયથી આભાર વ્યક્ત કરું છું. અમે રક્ષા ઉદ્યોગો વચ્ચે સહયોગ વધારવા માટે એક રોડ મેપ પર પણ કામ કરીશું. જેનાથી કો-ડેવલપમેન્ટ અને કો-પ્રોડક્શનની તકો ઉઘડશે.

# વાઈબ્રન્ટ સમિટથી સૌરાષ્ટ્ર દેશનું ગ્રોથ એન્જિન બનશેઃ નરેન્દ્ર મોદી

**સૌરાષ્ટ્ર-કચ્છ માં નવી ૧૩ સ્માર્ટ જીઆઇડીસી બનશેઃ રાજકોટ, મોરબી, જામનગરનું ત્રિકોણીય મીની જાપાન બનશેઃ રાજયના બજેટથી બમણા રૂ.૮.૬૫ લાખ કરોડના રોકાણની જાહેરાત**











તસ્વીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના મારવાડી યુનિવર્સિટ ખાતે યોજાઈ રહેલી વાઈબ્રન્ટ ગુજરાત સૌરાષ્ટ્ર રિજનલ સમિટના ઉદ્દઘાટન પ્રસંગે ઉપસ્થિત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કેમ છો? કહી સંબોધનની શરૂઆત કરતા જણાવ્યું કે, ૨૦૨૬ના આરંભ બાદ આ ગુજરાતનો પહેલો પ્રવાસ છે. સુખદ એટલે પણ કહી શકાય કે, તેની યાત્રા સોમનાથ દાદાના ચરણમાં શિશ ઝૂકાવીને થઈ છે. હું રાજકોટમાં આ શાનદાર કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યો છું, વિકાસ પણ અને વિરાસત પણ... આ મંત્ર ચારે બાજુ ગુંજી રહ્યો છે.

જ્યારે પણ વાઈબ્રન્ટ સમિટનો મંચ સજે છે ત્યારે મને સમિટ નથી દેખાતી મને ૨૧મી સદીના આધુનિક ભારતની યાત્રા જોવા મળે છે. જે સપનાથી શરૂ થઈ અને આજે એક અતૂટ ભરોસા સુધી પહોંચી ગઈ છે. ૨ દાયકાની આ યાત્રા ગ્લોબલ બેન્ચમાર્ક બની ગઈ છે. ૧૦ એડિશન થઈ ગઈ છે. દરેક એડિશન સાથે સમિટની ઓળખ અને ભૂમિકા મજબૂત થતા રહ્યા છે.

વીતેલા વર્ષોમાં ગ્લોબલ પાર્ટનરની સંખ્યા વધતી ગઈ છે. આ સમિટ સમાવેશીનું મોટું ઉદાહરણ છે. કોર્પોરેટ્સની સાથે સાથે સહકારી, , સ્ટાર્ટ અપ્સ, ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂશન્સ સૌ સાથે ચર્ચા કરે છે અને ખભેખભો મિલાવીને ચાલે છે. ૨ દાયકામાં કંઈક નવું અને વિશેષ કર્યું છે. રિજનલ સમિટ પણ તેનું એક ઉદાહરણ છે. તેનું ફોકસ ગુજરાતના વિવિધ પ્રદેશના સામર્થ્યને પર્ફોર્મન્સમાં બદલવાનું છે. ક્યાંક લાંબી ટ્રાઇબલ બેલ્ટ છે તો ક્યાંક ખેતી-પશુપાલન છે.

'આજે આ સમિટ ગ્લોબલ ગ્રોથ, ઈન્ટરનેશનલ કો-ઓપરેશન અને પાર્ટનરશિપનું મજબૂત પ્લેટફોર્મ ??' હું પહેલા દિવસથી આયોજન સાથે જોડાયેલો રહ્યો છું. શરૂઆતમાં ગુજરાતના સામર્થ્યથી દુનિયા પરિચિત હોય એ તેનો હેતુ હતો. આજે આ સમિટ ગ્લોબલ ગ્રોથ, ઈન્ટરનેશનલ કો-ઓપરેશન અને પાર્ટનરશિપનું મજબૂત પ્લેટફોર્મ બની ગઈ છે.

૨૧મી સદીનો ચોથો ભાગ વીતી ગયો છે. ભારતે આ ગાળામાં ખૂબ પ્રગતિ પણ કરી છે. તેમાં ગુજરાતની મોટી ભૂમિકા રહી છે. ભારત દુનિયાની ત્રીજી સૌથી મોટી ઈકોનોમી બનવા આગળ વધી રહ્યું છે. જે આંકડા આવી રહ્યા છે તે સ્પષ્ટ છે કે, ભારત પ્રત્યે દુનિયાની આશાઓ વધી રહી છે. ભારત દુનિયાની સૌથી ઝડપથી વિકસતિ ઈકોનોમી છે. મોંઘવારી કાબૂમાં છે. ભારત દૂધ ઉત્પાદનમાં નંબર વન છે. જેનેરિક મેડિસિનમાં નંબર વન છે.

મેં લાલ કિલ્લા પરથી કહ્યું હતું કે, યહી સમય હૈ, સહી સમય હૈ. વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ પણ રોકાણકારોને એ જ સંદેશ આપે છે કે, યહી સમય હૈ, સહી સમય હૈ.

આ ક્ષેત્ર ભારતની ગ્રોથનું એન્કર રિજીયન બની ગયું છે. આત્મનિર્ભર ભારતનું મોટું સેન્ટર છે. આ જ વાત રોકાણકારો માટે સૌથી મોટો ભરોસો બને છે. રાજકોટમાં જ ૨.૫૦ લાખ છે. રોકેટ, એરોપ્લેનના પાર્ટ રાજકોટમાં બને છે.

સૌરાષ્ટ્રના ન્યૂઝ પેપરવાળા હાજર હશે. એકવાર મેં કહેલું કે હું જોઈ શકું છું કે, મોરબી, જામનગર અને રાજકોટ આ ત્રિકોણ મિનિ જાપાન બનશે. ત્યારે મારી બહુ મજાક ઉડાવી હતી. આજે મારી આંખો સામે હકીકત જોઈ રહ્યો છું.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૯૩/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૬૩/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |







**Today Rate**

| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૪૦,૫૦૦ | ₹૨,૫૯,૯૦૦ |
| | -૧૦ | -૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૨૩ | ₹૧૨૧.૧૦ |

## મનરેગાની સરકારી તપાસમાં ચોંકાવનારો ખુલાસોઃ ૨૫ રાજ્યોનાં ૫૫ જીલ્લાઓમાં ૧૧ લાખથી વધુ ગેરરીતિ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જ્યારે કેન્દ્ર સરકારે મનરેગા ની વાસ્તવિકતાનું મૂલ્યાંકન કરવા માટે ૨૫ રાજ્યોના ૫૫ જિલ્લાઓમાં અચાનક નિરીક્ષણ કર્યું, ત્યારે અનિયમિતતાના સ્તરો ખુલવા લાગ્યા. તપાસમાં ૧,૧૦૪,૬૨૭ નાણાકીય ગેરરીતિઓ બહાર આવી. આ તપાસ દરમિયાન, ૩ અબજ રૂપિયાથી વધુની ઉચાપત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. કૌભાંડની ગંભીરતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે સરકારે તાત્કાલિક વસૂલાતના આદેશો જારી કરવા પડ્યા. જોકે, અત્યાર સુધી ૩૦૨.૪૫ કરોડ રૂપિયામાંથી માત્ર ૨૭૩ કરોડ રૂપિયા જ વસૂલ કરવામાં આવ્યા છે. મનરેગાના નામે કૌભાંડનો પર્દાફાશ થયેલા ૫૫ જિલ્લાઓમાં રાજસ્થાનનું બાડમેર, છત્તીસગઢનું કવર્ધા અને મધ્યપ્રદેશનું ગ્વાલિયર અને મુરેનાનો સમાવેશ થાય છે. આ ખુલાસો સ્પષ્ટપણે દર્શાવે છે કે ગરીબોને ષડયંત્રના ભાગ રૂપે તેમના રોજગાર અને તેમના હકના ભંડોળમાંથી લૂંટ કરવામાં આવી રહી છે.

મેગેઝિન દ્વારા પ્રાપ્ત અહેવાલ મુજબ, યોજનાની વાસ્તવિકતાનું મૂલ્યાંકન કરવા અને વધુ મૂળભૂત સુધારાઓ અમલમાં મૂકવા માટે આ ૫૫ જિલ્લાઓમાં ૧,૦૦૦ થી વધુ સ્થળોએ ટીમો મોકલવામાં આવી હતી. યોજનામાં થયેલી ગેરરીતિઓને ધ્યાનમાં રાખીને, લોકપાલોએ રૂ.૧૭.૧૪ કરોડની વસૂલાતની ભલામણ કરી હતી, પરંતુ ફક્ત રૂ.૭૧.૬૧ લાખ જ વસૂલાત થઈ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન દેખરેખ મુલાકાતોમાં આશરે રૂ.૩૨ કરોડની વધારાની વસૂલાતની ભલામણ કરવામાં આવી હતી, પરંતુ તેનું પાલન કરવામાં આવ્યું ન હતું. યોજનામાં રહેલી ખામીઓને હવે સુધારવામાં આવી રહી છે.

## સોના-ચાંદીમાં ઐતિહાસિક ઉછાળો, ચાંદી એકઝાટકે ૧૨,૦૦૦થી વધુ ઉછળી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર સોમવારે સોના અને ચાંદીમાં રોકાણકારો માટે સોનાનો દિવસ ઉગ્યો છે. બંને કિંમતી ધાતુઓમાં આગઝરતી તેજી જોવા મળી રહી છે અને ભાવ ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચી ગયા છે. MCX પર ચાંદીના વાયદાના ભાવમાં આજે ઉછાળો જોવા મળ્યો છે, જેણે તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. અગાઉના ટ્રેડિંગ સત્રમાં ૦૫ માર્ચ, ૨૦૨૬ વાયદાની ચાંદીનો ભાવ ૨,૫૨,૭૨૫ પ્રતિ કિલોગ્રામ પર બંધ થયો હતો. આજે બજાર ખૂલતાની સાથે જ ચાંદીમાં ૧૦,૧૦૯નો જંગી ગેપ-અપ જોવા મળ્યો અને ભાવ ૨,૬૨,૮૩૪ પર ખૂલ્યો.

## જામનગરમાં પતંગ વાયરમાં અડી જતાં ૧૦ વર્ષના બાળકનું મોત

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પડાણા ગામમાં એક શ્રમિક પરિવારના દસ વર્ષના માસુમ બાળક માટે પતંગ જીવલેણ સાબિત થયો છે. ભીની જમીન પર પતંગ ઉડાવી રહેલા બાળકનો પતંગ વીજ તારમાં ફસાઈ જતાં તેમાંથી વીજ આંચકો લાગ્યો હતો. બાળકનું સારવાર દરમિયાન કરુણ મૃત્યુ થયું હતું. જેથી શ્રમિક પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. આ બનાવની વિગત એવી છે કે મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ લાલપુર તાલુકાના પડાણા ગામના પાટીયા પાસે રહીને મજૂરી કામ કરતાં કમજીભાઈ અદુભાઈ બારીયા નામના ૪૦ વર્ષના શ્રમિક યુવાનનો ૧૦ વર્ષનો પુત્ર રોહિત બારીયા સવારના ૧૦.૦૦ વાગ્યાના અરસામાં પડાણા ગામના પાટીયા પાસે ખુલ્લા મેદાનમાં પતંગ ઉડાવી રહ્યો હતો. જે સ્થળે જમીન ભીની હતી અને તેના પર ખુલ્લા પગે પતંગ ઉડાવતો હતો. દરમિયાન તેનો ઉડતો પતંગ ઉપરથી પસાર થઈ રહેલી વીજ લાઇનમાં ફસાઈ જતાં તેને એકાએક વીજ કરંટ લાગ્યો હતો. વીજ શોક લાગવાથી રોહિત બેભાન થઈ ગયો હતો. બાળકને તત્કાલ સારવાર માટે સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન પાંચમી તારીખે તેનું મૃત્યુ થયું હતું. જેને લઈને શ્રમિક પરિવારમાં ભારે ગમગીની છ્વાઈ હતી.

## એક જ વ્યવહાર હેઠળ અપાયેલા ચેક બાઉન્સ થાય તો અલગ-અલગ કેસ બની શકેઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચેક બાઉન્સ કેસમાં એક મહત્વના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની ધારા ૧૩૮નું મહત્વનું અર્થઘટન કર્યું છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે એક જ વ્યવહાર હેઠળ જો અલગ અલગ ચેક અપાયા હોય અને તે જો રિટર્ન (વસુલાયા વગરના) થાય તો અલગ-અલગ કેસ બની શકે છે અને ફક્ત વધુ સંખ્યાના કારણે જ કેસ નકારી શકાય નહી.

જસ્ટીસ સંજય કરોલ અને જસ્ટીસ પ્રશાંત મિશ્રાની ખંડપીઠે દિલ્હી હાઈકોર્ટના એ ચુકાદો રદ કર્યો કે જેમાં ચેક બાઉન્સની ફરિયાદો રદ કરી હતી. જેમાં કારણ અપાયુ હતું કે એક જ દેવા ચુકવવા માટે અનેક ચેક એ દરેકમાં અલગ-અલગ ફરિયાદ એ કેસ ચલાવવો ખોટો છે પણ સુપ્રીમ કોર્ટ એ નિશ્ચિત કર્યુ કે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની ધારા હેઠળ જેટલી વખત ચેક બાઉન્સ થાય તેટલી વખત કેસ બને છે.

શર્ત એ જ છે કે ચેક બેન્કમાં રજુ થયા હોય તે ફંડના અભાવે બાઉન્સ થયા હોય અને ફરિયાદીએ નિયમ મુજબ નોટીસની પ્રક્રિયા કાનૂન મુજબ પુરી કરી હોય તો તેમાં એક જ કેસ નહી જેટલા ચેક પરત થયા હોય તેટલા કેસ બની શકે છે. આ કેસ ૨૦૧૬ના એક વેચાણ સંબંધીત હતો જેમાં ફરિયાદીએ એક પ્રોજેકટમાં ત્રણ કોમર્શિયલ યુનીટ ખરીદવાની તૈયારી સાથે ૧.૭૨ કરોડની રકમ ચુકવવામાં આવી હતી. તેમાં શરત મુજબ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં જો વેચાણ દસ્તાવેજ સાથે મિલ્કતનો કબ્જો અપાય નહી તો રૂા.૩૫ લાખની વધારાની રકમ સાથે પુરી એડવાન્સ રકમ પરત કરવાની રહેતી હતી.

જેમાં રકમ પરત આપવા એ ચેક ઉપરાંત પોતાના બે વ્યક્તિગત ચેક આપ્યા હતા જેમાં વ્યક્તિગત ચેક બાઉન્સ થયા હતા અને પછીના બે ચેક પણ રિટર્ન થયા હતા. જેમાં નવો એક ચેક રજુ થયો તે પણ બાઉન્સ થતા કુલ પાંચ ફરિયાદો દાખલ થઈ હતી. ૨૦૨૫ એપ્રિલમાં હાઈકોર્ટે એ રીતે ફરિયાદ રદ કરી કે એકજ દેવા ચુકવણી માટે અલ,ગ અલગ ફરિયાદો થઈ શકે નહી અને જયારે ફરિયાદીએ પહેલા વ્યક્તિગત ચેક રજુ કરવાનો નિર્ણય લીધો તો પછી ફર્મના ચેક રજુ કરવાનું જરૂરી ન હતું. જો કે હાઈકોર્ટે જે નવો ચેક રિટર્ન થયો તેનો કેસ બને છે તે ફરિયાદ યથાવત રાખી હતી જે મામલો સુપ્રીમમાં ગયો હતો.

## ઈરાનમાં સરકાર વિરોધી આંદોલનની આગ અમેરિકામાં પહોંચીઃ ખામેનીના સમર્થકે રેલીમાં ટ્રક ઘુસાડી અનેક લોકોને કચડતા અફડાતફડી

**મુખ્ય સમાચાર, લોસ એન્જલ્સ**

ઈરાનમાં હાલ ખામેનેઈના વિરોધમાં અને સમર્થનમાં બે જૂથમાં તોફાન થઈ રહ્યા છે ત્યારે આ આગની જવાળા અમેરિકા સુધી પહોંચી છે. અમેરિકામાં ખામેનેઈનીના વિરોધ પ્રદર્શનમાં એક ખામેનેઈની સમર્થક ટ્રક સાથે ઘુસી જતા અનેક લોકોને હડફેટે લેતા હડકંપ મચી ગયો હતો.

દરમિયાન ઘણા દેખાવકારો ઘાયલ થયા હતા. અમેરિકામાં ઈરાનના પદભ્રષ્ટ રાજકુમાર રઝા પહલવીના સમર્થનમાં રેલી નીકળી હતી ત્યારે આ ઘટના સર્જાઈ હતી.

ઈરાનમાં ચાલી રહેલા સરકાર વિરોધી પ્રદર્શનોની આગ હવે અમેરિકા સુધી પહોંચી છે, જ્યાં લોસ એન્જલસમાં ઈરાનના પદભ્રષ્ટ રાજકુમાર રઝા પહલવીના સમર્થનમાં યોજાયેલી એક રેલીમાં હિંસક ઘટના બની હતી. ઈરાનની રાજાશાહી વિરોધી સંગઠન નું સ્ટીકર લગાવેલી એક ટ્રક પ્રદર્શનકારીઓની ભીડમાં ઘૂસી ગઈ હતી અને લોકોને કચડતી આગળ વધી ગઈ હતી.






આ હુમલામાં ઘણા પ્રદર્શનકારીઓ ઘાયલ થયા હતા. આ ટ્રક પર ' ' એટલે કે 'શાહ નહીં ચાહિયે' એવું લખેલું હતું. આ ઘટના લોસ એન્જલસના વેસ્ટવુડ વિસ્તારમાં વિલશાયર ફેડરલ બિલ્ડિંગની બરાબર બહાર બની હતી, જ્યાં ઈરાની શાસન વિરુદ્ધ થઈ રહેલા એક પ્રદર્શન દરમિયાન એક યુ-હોલ ટ્રક ભીડમાં ઘૂસી ગઈ હતી, જેમાં બે લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ છે.

અહેવાલ મુજબ, આ રેલીમાં હજારો લોકો સામેલ થયા હતા. આ ઘટનામાં સામેલ ટ્રક પર ઈરાનના ઈતિહાસ સાથે જોડાયેલો એક રાજકીય સંદેશ પણ લખેલો હતો. ટ્રકની બાજુ પર ' ' (કોઈ શાસન નહીં) લખેલું હતું.

આ ઉપરાંત, ટ્રક પર એવું પણ લખ્યું હતું કે "અમેરિકા ૧૯૫૩નું પુનરાવર્તન ન કરો, નો મુલ્લા". આ સંદેશ ૧૯૫૩માં અમેરિકા સમર્થિત બળવા તરફ ઈશારો કરે છે, જેમાં ઈરાનના તત્કાલીન વડાપ્રધાનને પદભ્રષ્ટ કરીને શાહને ફરીથી સત્તામાં બેસાડવામાં આવ્યા હતા.

# જામનગરની બજાર અવનવી પતંગોથી ઉભરાઈ...



**મુખ્ય સમાચાર, જામનગર**

પતંગના આ પર્વ ઉતરાયણને આડે હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે જામનગરની બજારમાં એકથી એક ચડિયાતી વેરાયટીના પતંગ જોવા મળી રહ્યા છે.મજૂરી અને રો-મટીરીયલના ભાવ વધતા જામનગરની પતંગ બજારમાં ૨૦ ટકા જેવો ભાવ વધારો નોંધાયો છે.પતંગના વેપારી.હેમંત પરમારએ જણાવ્યું કે આ વખતે ઉતરાયણના આગમનને પગલે જામનગરની બજારમાં પતંગોનો ક્રેઝ વધ્યો છે. જામનગરમાં ૧૦ રૂપિયાના પાંચ પતંગથી માંડી ૫૦૦ રૂપિયાના પાંચ પતંગ સુધીની વેરાયટી ઉપલબ્ધ છે.પતંગ માટે વપરાંત વાંસના ભાવ વધ્યા છે. સાથે જ કાગળના ભાવમાં ૩૦ ટકાનો વધારો નોંધાયો છે. પ્લાસ્ટિકના ભાવના ૧૦ ટકા જેવો તોતિંગ ભાવ વધારો અને પતંગ પાછળની મજૂરી પણ મોંઘી થઈ હોવાથી પતંગના ભાવમાં ૨૦ ટકા જેટલો વધારો થયો છે. ગત વર્ષે ૫ નંગ પતંગ ૧૦ રૂપિયામાં મળતા હતાં તેના આ વર્ષે સીધા ૨૦ રૂપિયા થયા છે. રો-મટીરીયલમાં ભાવ વધારાને લઈ પતંગના ભાવ વધ્યા છે. છતાં પણ પતંગરસિયાનો ઉત્સાહ અકબંધ રહી શકે છે.માંઝામાં ૪૦૦ રૂપિયાથી લઈ ૬૦૦, ૮૦૦ અને ૧ હજાર રૂપિયાની કિંમતના માંઝા ઉપલબ્ધ છે. તેમાં પણ ૧૦ થી ૨૦ ટકા વેરાયટી મુજબ ભાવ વધારો નોંધાયો છે.

# જામનગરમાં નિયમોનું ઉલ્લંઘન કરનારા ૪૬ CSC સેન્ટરોના આઈડી બ્લોક કરાયાં

## રેટ ચાર્જ લિસ્ટ, બ્રાન્ડિંગ અને પોલીસ વેરિફિકેશન વિના ચાલતા કેન્દ્રો સામે તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં મિનિસ્ટ્રી ઓફ ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજીના માધ્યમથી ચાલતા કોમન સર્વિસ સેન્ટર ખાતે નિયમોના પાલન મુદ્દે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. નક્કી કરેલા નિયમોનો ભંગ કરનારા ૪૬ જેટલા સેન્ટરોના લોગીન આઈડી તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યા છે.જિલ્લાના સીએસસી મેનેજર નિકુંજ ઠેસીયાએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, જિલ્લામાં હાલમાં ૧૩૦૦ થી વધુ સીએસસી સેન્ટરો કાર્યરત છે, જે નાગરિકોને વિવિધ સરકારી અને અર્ધ-સરકારી સેવાઓ ઓનલાઈન પૂરી પાડે છે. જો કે, છેલ્લા કેટલાક સમયથી મળેલી ફરિયાદો અને આંતરિક તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે ઘણા સેન્ટરો પર નિયમોનું યોગ્ય પાલન થતું ન હતું. ખાસ કરીને સેન્ટરની બહાર સીએસસીનું બ્રાન્ડિંગ ન લગાવવું, સરકાર નિર્ધારિત રેટ લિસ્ટ પ્રદર્શિત ન કરવું અને અનિવાર્ય એવું પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ ન હોવું જેવી ગંભીર ક્ષતિઓ જોવા મળી હતી.

આ બાબત ધ્યાને આવતા પ્રાથમિક તબક્કે જિલ્લાના ૪૬ સેન્ટરોના આઈડી બ્લોક કરીને તેમની કામગીરી અટકાવી દેવામાં આવી છે. જે સેન્ટરો પાસે સ્થાયી ઓફિસ નથી અથવા જેઓ રેટ ચાર્ટ પ્રદર્શિત કરતા નથી તેમની સામે આ ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે. સીએસસી સંચાલકો માટે હવે કડક માર્ગદર્શિકા અમલી બનાવવામાં આવી છે, જે મુજબ દરેક સંચાલકે પોતાના સેન્ટર પર ફરજિયાત બોર્ડ લગાવવું પડશે અને ગ્રાહકો જોઈ શકે તે રીતે સર્વિસ ચાર્જનું લિસ્ટ મૂકવું પડશે. વધુમાં, દરેક સંચાલક માટે પીસીસી હોવું હવે અનિવાર્ય છે. જિલ્લા મેનેજરે સ્પષ્ટ ચેતવણી આપી છે કે ડિજિટલ સેવાઓના નામે નાગરિકો સાથે કોઈ પણ પ્રકારની છેતરપિંડી કે અનિયમિતતા સાંખી લેવામાં આવશે નહીં અને નિયમ ભંગ કરનાર સંચાલકો સામે જરૂર પડ્યે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવશે.

# જામનગર જિલ્લાના ૧૫૪ રેડ ઝોન અને યલો ઝોન વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લાની હદમાં મીલીટરી સ્ટેશન,એરફોર્સ સ્ટેશન, જામનગર તથા સમાણા, આઈએનએસ વાલસુરા, એશીયાની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી, થર્મલ પાવર સ્ટેશન સિક્કા, જી.એસ.એફ.સી. તથા અન્ય મોટા ઔદ્યોગિક એકમો જેવા સંવેદનશીલ વાઈટલ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે.

જામનગર જિલ્લા વિસ્તારમાં આવેલ કુલ-૧૫૪ ક્રિટીકલ.સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન કે યલો ઝોનમાં વિભાજીત કરેલ છે જે પૈકી રેડ ઝોનમાં ૧૧૨ તથા યલો ઝોનમાં ૪૨ ઈન્સ્ટોલેશન્સ આવેલા છે. આથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ.ઈ.ચા. એસ.એમ.કાથડ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.જે મુજબ જામનગર મહાનગરપાલિકા સહિતના સમગ્ર જામનગર જીલ્લાના રેડઝોન અને યલો ઝોન જાહેર કરાયેલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ રહેશે. આગામી તા.૦૮-૦૨-૨૦૨૬ સુધી આ જાહેરનામું અમલમાં રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# લાલપુરમાં જાહેરમાં દારૂ પીતો શખ્સ ઝડપાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

લાલપુરમાં જાહેરમાં દારૂ પીતો શખ્સ ઝડપાયો વાયરલ વીડિયોના આધારે બુટલેગર પણ પકડાયો લાલપુરમાં જાહેરમાં દારૂ પીતા એક શખ્સનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ પોલીસે કાર્યવાહી કરી છે. પોલીસે વીડિયોમાં દેખાતા શખ્સ અને તેને દારૂ પૂરો પાડનાર બુટલેગર બંનેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.લાલપુર ટાઉનના ધરાનગર વિસ્તારમાં એક વ્યક્તિ જાહેરમાં દારૂ પીતો અને બબડતો હોય તેવો વીડિયો વાયરલ થયો હતો. આ વીડિયો પોલીસના ધ્યાને આવતા તાત્કાલિક તેની ખરાઈ કરવામાં આવી હતી. પોલીસે વીડિયોમાં દેખાતા આરોપી ખંડુ ઉર્ફે ભાવેશ જેતર મોરી ને ઝડપી પાડ્યો હતો.આરોપી ખંડુ ઉર્ફે ભાવેશ મોરીની પૂછપરછ દરમિયાન તેણે જણાવ્યું કે તે મજૂરી કામ કરે છે અને દારૂ પીવાની ટેવ ધરાવે છે. તેણે લાલપુરના ધરાનગરમાં આવેલી એક ચિકનવાળાની દુકાન પરથી દારૂ મેળવ્યો હતો. નશાની હાલતમાં કોઈ અજાણ્યા વ્યક્તિએ તેનો વીડિયો ઉતાર્યો હતો અને તેણે પોલીસ વિશે બબડાટ કર્યો હોવાનું કબૂલ્યું હતું.

આ માહિતીના આધારે પોલીસે દારૂ પૂરો પાડનાર આસિફ હાસમ ધુધા વિરુદ્ધ પણ ગુનો નોંધી તેની અટકાયત કરી હતી. લાલપુર પોલીસ સ્ટેશનમાં બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોટી ખાવડીમાંથી ગાંજાનો જથ્થો ઝડપાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના મોટી ખાવડી ગામમાંથી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ એસ.ઓ.જી.પોલીસે રૂ. ૧.૯૦ લાખની કિંમતના ૩.૮૦૦ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી એક મોબાઈલ ફોન અને વજન કાંટો પણ જપ્ત કર્યો છે, જેનો કુલ મુદ્દામાલ રૂ. ૧,૯૧,૨૫૦ થાય છે.જામનગર જિલ્લામાં નશીલા પદાર્થોના વેપાર પર રોક લગાવવા માટે પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીએ ''નો ડ્રગ્સ ઇન જામનગર'' અભિયાન શરૂ કરવાની સૂચના આપી હતી. આ અભિયાન અંતર્ગત યુવાધનને નશાના દૂષણથી બચાવવા અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે.એસ.ઓ.જી. સ્ટાફના પોલીસ ઈન્સ્પેક્ટર બી.એન. ચૌધરી અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર એલ.એમ. ઝેરના માર્ગદર્શન હેઠળ જામનગર ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ ચાલી રહ્યું હતું. તે દરમિયાન બળભદ્રસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા અને મથુરરાજસિંહ જાડેજાને બાતમી મળી હતી.

બાતમી મુજબ, મંજય ભાગરીત મહતો નામનો શખ્સ મોટી ખાવડી ગામે વિનાયક પેટ્રોલપમ્પ સામે મચ્છી માર્કેટ પાસે ગાંજો આપવા આવવાનો હતો. પોલીસે આ માહિતીના આધારે વોચ ગોઠવી હતી અને આરોપી મંજય ભાગરીત મહતો રહે. બિહારને ઝડપી પાડ્યો હતો.

આરોપી મંજય ભાગરીત મહતો બિહારના પૂર્વ ચંપારણ મોતીહારી જિલ્લાના ભેડીહારી ગામનો રહેવાસી છે. તેની વિરુદ્ધ મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ.એક્ટની કલમ ૮.સી. ૨૦.બી.૨.બી.અને ૨૯ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.આ સમગ્ર કાર્યવાહી એસ.ઓ.જી. પીઆઈ બી.એન. ચૌધરી, પીએસઆઈ એલ.એમ. ઝેર, પીએસઆઈ એ.વી. ખેર અને એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

# જામનગરના કાશી વિશ્વનાથ મંદિરમાં ૭૨ કલાકના અખંડ મંત્રોચ્ચાર, મહાઆરતી અને ભવ્ય સત્સંગનું ભાવસભર આયોજન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત જામનગર શહેરના ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતા કાશી વિશ્વનાથ મંદિરમાં ૭૨ કલાક સુધી અખંડ મંત્રોચ્ચારનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મંદિરમાં સત્સંગ, ભજન, મહાઆરતી અને મંત્રોચ્ચાર સહિતના આયોજનો કરવામાં આવ્યા છે.આ અનુષ્ઠાન દરમિયાન વિદ્વાન બ્રાહ્મણો દ્વારા સતત વેદિક મંત્રોચ્ચાર કરવામાં આવી રહ્યા છે. જેનાથી સમગ્ર મંદિર પરિસર ભક્તિ, શાંતિ અને આધ્યાત્મિક ઉર્જાથી ઓતપ્રોત બન્યું છે. મંત્રોચ્ચાર સાથે સાથે દરરોજ સાંજે મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે. જેમાં ઉપસ્થિત રહી શ્રદ્ધાળુઓ ભાવવિભોર બન્યા છે. નમઃ શિવાય, ૐ નમઃ શિવાયની ધૂનથી સત્સંગ દરમિયાન સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક બન્યું હતું.સત્સંગ કાર્યક્રમના આયોજનમાં ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, અગ્રણી બીનાબેન કોઠારી, કોર્પોરેટરઓ સહિતના આગેવાનો અને ભક્તો ઉપસ્થિત રહી સહભાગી થયા હતા.

# મોરબીમાં A.N.C.D. શાખા દ્વારા ગૌશાળા સંચાલકો સાથે મહત્વની બેઠક યોજાઈ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની A.N.C.D. શાખા દ્વારા ૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મોરબી તાલુકાના ગૌશાળા સંચાલકો સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. નાયબ કમિશનરના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં પશુપાલન વિભાગના અધિકારીઓ અને ૧૭ ગૌશાળાના સંચાલકો હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન અંદાજીત ૨૫૦ પશુને રાખવાની બાહેંધરી મળ્યાનું જણાવાયું હતું. મોરબી મહાનગરપાલિકાની A.N.C.D. શાખા દ્વારા ૮ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મોરબી તાલુકાના ગૌશાળા સંચાલકો સાથે સંકલન બેઠક યોજવામાં આવી હતી. નાયબ કમિશનરના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં નાયબ પશુપાલન નિયામક, વેટેનરી ઓફિસર, A.N.C.D. શાખાના શાખાઅધ્યક્ષ તેમજ મોરબી તાલુકાની કુલ ૧૭ ગૌશાળાના સંચાલકો હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન ગૌશાળાઓ દ્વારા અંદાજીત ૨૫૦ પશુને રાખવા માટેની બાહેંધરી આપવામાં આવી હતી. આ ઉપરાંત માર્ચ ૨૦૨૫થી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન અંદાજીત ૨૦૩૦ રસ્તે રખડતા પશુઓ પકડવામાં આવ્યા હોવાનું જણાવાયું હતું. તેમજ ૧૨૫૪ પશુઓનું તથા ટેગિંગ કરવામાં આવ્યું છે. A.N.C.D. શાખા દ્વારા પશુ માલિકોને પોતાના પશુનું રજીસ્ટ્રેશન કરાવવા તથા પેટ ડોગ માલિકોને પણ ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવા અપીલ કરવામાં આવી છે. ટેગ અને RFID લગાવીને મોરબી જીલ્લાના વિવિધ ગૌશાળા તથા પાંજરાપોળમાં પશુઓ મોકલવામાં આવ્યા છે. હાલ પણ રસ્તે રખડતા પશુ પકડવાની કામગીરી સતત ચાલુ હોવાનું શાખા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# મોરબી મનપા વિસ્તારમાં રૂ.૧૫૦૩ લાખના ૬ ડામર રોડના કામો શરૂ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં નાગરિકોને સુગમ અને સલામત માર્ગ સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુથી જુદા-જુદા કુલ ૬ ડામર રોડના કામો શરૂ કરવામાં આવ્યા છે. અંદાજીત કિંમત રૂ.૧૫૦૩.૮૭ લાખના કામો શહેરના વિવિધ વિસ્તારોને જોડતા મુખ્ય માર્ગો પર ડામર રોડનું નવિનીકરણ હાથ ધરાયું છે. તમામ કામો હાલ પ્રગતિ હેઠળ હોવાનું મનપા દ્વારા જણાવાયું છે.

મોરબી મહાનગરપાલિકાના સીવીલ અને સીટી બ્યુટીફીકેશન શાખાની યાદી અનુસાર શહેરના વિકાસને વધુ વેગ આપવા માટે મહત્વના ડામર રોડના કામો શરૂ કરવામાં આવ્યા છે. નવલખી રોડથી શ્રદ્ધા પાર્ક સુધી ડામર રોડનું કામ હાથ ધરવામાં આવ્યું છે, આ ઉપરાંત વાવડી ગામથી નંદીઘર સુધી તેમજ ઉમીયાનગરથી જુના રફાળેશ્વરની ફાટક સુધી ડામર રોડનું કામ શરૂ કરાયું છે. કાલીન્દ્રી નદીથી જુના ઘુંટુ રોડ સુધી તેમજ લીલાપર ચોકડીથી શ્રીરામ વાડી સુધીના માર્ગોનું તથા પ્રધાનમંત્રી આવાસ યોજના વિસ્તારથી પંચાસર રોડ સુધી ડામર રોડનું આમ કુલ ૬ ડામર રોડના કામોની અંદાજીત રકમ રૂ.૧૫૦૩.૮૭ લાખ થાય છે. સદર તમામ કામો હાલ પ્રગતિ હેઠળ છે અને ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે તેમ મોરબી મહાનગરપાલિકાની સીવીલ અને સીટી બ્યુટીફીકેશન શાખાની યાદીમાં જણાવ્યું છે.

# ઉનાના નવાબંદર ગામે જીઓ ટાવરના ધાંધિયાઃ કવરેજના આવતા લોકો પરેશાન




**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના નવાબંદર ગામે બંદર વિસ્તાર આવેલો છે અને ત્યાં હાલ જીઓ ટાવરના ધાંધિયા જોવા મળ્યા છે જેને કારણે લોકો પરેશાન થયા છે jio ટાવરનું કવરેજ ના આવતા લોકો ને ધંધાકીય મુશ્કેલી પણ વધી રહી છે કારણ કે હવે આધુનિક જમાનો છે જેને કારણે મોબાઇલ યુગ આવ્યો છે અને તમામ બિઝનેસ કે ધંધા હવે વધુ પડતા મોબાઇલમાં જ લેવડ દેવડ થતી હોય છે હાલ મચ્છીની સીઝન ચાલી રહી છે અને બંદર વિસ્તારમાં નું કવરેજ ન આવતા ક્યાંક ને ક્યાંક લોકો ના ધંધા વેપાર રોજગાર ને માઠી અસર પહોંચી છે પહોંચી છે એકવાર ભારત આધુનિક જમાનામાં આગળ વધી રહ્યું અને વધુ પડતી ટેકનોલોજી નો ઉપયોગ આજે આધુનિક જમાનામાં માણસ કરી રહ્યું છે જેને કારણે આજે વિકસિત ભારત આગળ વધી રહ્યું છે અને યુવા ધન પણ આગળ વધી રહ્યું છે સમગ્ર ગ્રામ્ય વિસ્તાર અને તાલુકામાં અને જિલ્લાઓમાં નું ધમાકેદાર કવરેજ માટે લોકોએ પોતાના મોબાઈલમાં jioનું સીમ નાખ્યો પણ ક્યાંક ને ક્યાંક હજી પણ કવરેજ ન આવતા. લોકોને મુસીબતનો સામનો કરવો પડી રહ્યો છ તાલુકાના નવાબંદર ગામે નું ટાવર વ્યવસ્થિત રીતે આવે તેવી ગ્રામજનોની હાલ માંગ છે

# જામનગરમાં નાગનાથ ગેઈટ પાસે જાહેરમાં બાઈક પર સ્ટંટ કરી રીલ કરનારા છ શખ્સોના પોલીસે સીન' વિખી નાંખ્યા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં નાગનાથ ગેઈટ ચોકડી વિસ્તારમાં જાહેરમાં બાઈક પર સ્ટંટ કરીને સીન સપાટા કરી રહેલા ૬ શખ્સોએ રીલ બનાવીને સોશિયલ મીડિયામાં વાયરલ કરી હતી. જે બાબતે પોલીસ નું ધ્યાન.પડતાં આ રીલ ના સંદર્ભ કમાન કંટ્રોલરૂમ ના સીસીટીવી કેમેરા અને હ્યુમન સોસીસ ની મદદથી જાહેરમાં સીન સપાટા કરનાર છ વ્યક્તિને શોધી લેવાયા છે, અને તમામ સામે ગુનો નોંધી કાયદાનું ભાન કરાવ્યું છે. જામનગરની ટ્રાફિક શાખાએ સમગ્ર કાર્યવાહી કરી હતી.પોલીસ દ્વારા ગુન્હો નોંધી બાઈક કબજે લઈ અટકાયત કરી.જામનગરના સોશિયલ મીડિયામાં તાજેતરમાં એક રીલ વાઈરલ થઈ હતી ઈન્સ્ટાગ્રામ પર રીલ મુકનારા પોતે જાહેરમાં નાગનાથ ગેઈટ ચોકડી જેવા વિસ્તારમાં સ્ટંટ કયો હતો અને બાઈક ને ભયજનક સ્થિતિમાં ચલાવી જાહેરમાં રોડની વચ્ચે દેકારો મચાવી સૂત્રોચાર સહિતના સીન સપાટા કર્યા હતા.જે રીલના સંદર્ભમાં પોલીસ તંત્ર એક્ટિવ બન્યું હતું. સૌપ્રથમ જામનગરના કમાન્ડ એન્ડ કંટ્રોલ વિભાગની ટીમેં હરકતમાં આવી જઈ આ રિલ બનાવનાર શખ્સો ને શોધવા માટે અને તેઓનું બાઈક શોધી કાઢવા માટે જુદા જુદા કેમેરા ના એંગલ પરથી ફૂટેજ મેળવ્યા હતા.

જોકે તે ફૂટેજમાં બાઈક નંબર પ્લેટ વગરનું હતું, તેથી ઓળખવું મુશ્કેલ હતું. અને સમગ્ર કાર્યવાહી ટ્રાફિક શાખા દ્વારા હાથ ધરવામાં આવી હતી.જ્યાં ટ્રાફિક પીઆઈ એમ.વી. ગજ્જર, પીએસઆઈ એ. એચ. ચોવટ અને સ્ટાફના સત્યજીતસિંહ વાળા, મનોહરસિંહ ઝાલા પ્રવીણભાઈ સહિત ની ટીમ દ્વારા આ પ્રકરણમાં ઊંડાણ પૂર્વકની તપાસ કરવામાં આવી હતી અને જુદા જુદા હ્યુમન સોર્સના સહારે સિન સપાટા કરનારા છ શખ્સો ને શોધી લેવાયા હતા.જેમાં બે સગીર વય ના કીશોરો હતા, ઉપરાંત અન્ય ચાર વ્યક્તિ વિક્રમ સુરેશભાઈ પરમાર, નાસીર રજાકભાઈ વાઘેર, આશિષ જેસંગભાઈ મકવાણા અને ક્રિપાલસિંહ દિલીપસિંહ જાડેજા ની ઓળખ કરી લેવામાં આવી હતી. જે તમામ ના સરનામા વગેરે મેળવીને તેઓને ટ્રાફિક શાખા ની ઓફિસે બોલાવ્યા હતા,અને ઉપરોક્ત વિડિયો બાબતે ચર્ચા કરતાં ટાબરીયા સહિતના ૬ શખ્સોએ પોતે રીલ બનાવ્યું હોવાની કબુલાત આપી હતી, અને જે બાઈક તેમાં ઉપયોગમાં લીધું હતું તે જીજે ૧૦ બીપી ૭૦૮૨ નંબરનું બાઈક પણ સાથે લાવ્યા હતા.પોલીસ દ્વારા તમામ સામે જુદી જુદી કલમો હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો છે, અને ફરીથી આવી રીતે કાયદાનું ઉલ્લંઘન નહીં કરે એવી સમજ આપી કાયદાનું ભાન કરાવ્યું છે.

# ઉત્તરાયણમાં સલામતી અને આરોગ્ય માટે કાળજી રાખવા ઈન્ડિયન મેડિકલ એસો.મોરબીની અપીલ

**મુખ્ય સમાચાર, મોરબી**

ઈન્ડિયન મેડિકલ એસોસીએશન મોરબી બ્રાન્ચ દ્વારા ઉત્તરાયણ પર્વ દરમિયાન બાળકો અને નાગરિકોના આરોગ્ય તથા સલામતી માટે જરૂરી કાળજી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. પતંગોત્સવ દરમિયાન થતી ઈજાઓ, અકસ્માતો અને આરોગ્ય સંબંધિત સમસ્યાઓથી બચવા માટે ખાસ સૂચનો કરવામાં આવ્યા છે. તડકા, ઠંડી, દોરીની ઈજા, સ્વચ્છતા અને ખોરાક બાબતે સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી છે. સલામત અને સ્વસ્થ રીતે ઉત્તરાયણ ઉજવવા IMA મોરબી દ્વારા નાગરિકોને જાગૃત કરવામાં આવ્યા છે.

ઈન્ડિયન મેડિકલ એસોસીએશન-મોરબી બ્રાન્ચ દ્વારા ''ઉત્તરાયણમાં શી કાળજી રાખશો?'' વિષય પર નાગરિકોને ઉપયોગી સૂચનો આપવામાં આવ્યા છે. ઉત્તરાયણનો તહેવાર ખાસ કરીને બાળકો માટે આનંદનો હોય છે, જેમાં ૧૪ અને ૧૫ જાન્યુઆરીના દિવસે બાળકો ધાબા પર પતંગ ઉડાડવામાં વ્યસ્ત રહે છે, પરંતુ અતિઉત્સાહ ક્યારેક અકસ્માત કે બીમારીનું કારણ બની શકે છે. ત્યારે IMA દ્વારા જણાવાયું છે કે તડકામાં લાંબા સમય સુધી રહેવાથી સનબર્ન થવાની શક્યતા રહે છે, તેથી સનસ્ક્રીન, સનગ્લાસિસ અને ટોપી પહેરવાની સલાહ આપવામાં આવી છે. શરીરમાં પાણીની ઘટ ન થાય તે માટે પાણી, લીંબુ શરબત અને ફ્રુટ જ્યૂસ પીતા રહેવા તેમજ સ્વચ્છતા માટે હાથ સાફ રાખવા પર ભાર મૂકવામાં આવ્યો છે. પતંગની દોરીથી ગળા અને આંગળીઓને ઈજા ન થાય તે માટે ગળે પટ્ટી બાંધવી, ગ્લોવ્ઝ અથવા ફીંગર ટેપ વાપરવાનું સૂચવાયું છે. મકાનની આજુબાજુ ઈલેક્ટ્રિક વાયર હોય ત્યાં ખાસ સાવચેતી રાખવી અને વાયરમાં ફસાયેલા પતંગને ખેંચવાનો પ્રયાસ ન કરવા જણાવાયું છે. આ ઉપરાંત પક્ષીઓને ઈજા ન પહોંચે તે માટે દોરીનો સાવધ ઉપયોગ, ટુ-વ્હીલર પર બાળકને આગળ બેસાડવાનું ટાળવું અને ધાબા પર ધક્કામુક્કી ન કરવા અપીલ કરવામાં આવી છે.

ખોરાક બાબતે વાસી ઉધિયું અને જૂની જલેબીથી બચવા તેમજ અવાજ પ્રદૂષણ વધારતા ડી.જે.નો ઉપયોગ ન કરવા સૂચન કરાયું છે. ઉત્તરાયણ પૂર્ણ થયા બાદ ફાટેલા પતંગ અને તૂટેલા દોરા એકત્ર કરી યોગ્ય રીતે નિકાલ કરવા જણાવાયું છે. આ સૂચનો IMA મોરબી બ્રાન્ચના પ્રમુખ ડો. સુષ્મા દુધરેજીયા, પ્રોજેક્ટ ચેરમેન ડો. જયેશ સનારીયા અને સેક્રેટરી ડો. દીપ ભાડજા દ્વારા આપવામાં આવ્યા છે.

# મોરબીના નવા જાંબુડીયા ગામે મહિલાને ગાળ આપી જાતિ પ્રત્યે અપમાનિત કરનાર સામે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નવા જાંબુડીયા ગામે મહિલા તથા તેના સાસુને ગાળો આપી મારકુટ તેમજ જાતિ પ્રત્યે હડધૂત કરવાના મામલે ફરિયાદ નોંધાઈ છે. આરોપી દ્વારા બન્ને મહિલાઓ સાથે ઝપાઝપી અને માર મારી ધમકી આપવામાં આવી છે. હાલ તાલુકા પોલીસે ભોગ બનનાર મહિલાની ફરિયાદને આધારે આરોપી સામે બીએનએસ તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

મોરબી તાલુકાના નવા જાંબુડીયા ગામે રહેતા જયોતીબેન કમલેશભાઈ અમરશીભાઈ ખરા ઉવ.૨૪ દ્વારા પોલીસમાં આરોપી વિજયભાઈ બાબુભાઈ વીંજવાડીયા રહે.નવા જાંબુડીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે ફરિયાદ મુજબ આરોપીનો ભાઈ પ્રકાશભાઈ અને ફરિયાદીના પતિ કમલેશભાઈ ગામમાં સાથે ફરતા હોય ત્યારે ફરિયાદીના પતિની ચડામણીથી પ્રકાશભાઈ આરોપી વિજયભાઈ સહિત ઘરમાં ઝઘડો કરતો હોય તેવો વહેમ રાખી ગત તા.૦૯/૦૧ના રોજ આરોપી વિજયભાઈ ફરીયાદી મહિલાના ઘરે આવી ફરીયાદીને ભુંડી ગાળો આપી અને ફરીયાદી તથા તેના સાસુ સાથે ઝપાઝપી કરી લાફા માર્યા હતા. ત્યારે ફરીયાદીના પતિ કમલેશભાઈ રૂમ બહાર આવતા તેને આરોપીએ જાતિ પ્રત્યે અપમાનિત કરી, ફરીયાદીના પતિને જાનથી મારી નાખવા અને પોતાના ભાઈ સાથે ન ફરવા ધમકી આપી હતી. બનાવને લઈને મોરબી તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સઃ સૌરાષ્ટ્ર-કચ્છ

# જી.એસ.પી.સી. દ્વારા 'તેલ અને ગેસ ક્ષેત્રમાં ભારતમાં અગ્રેસર રીતે એનર્જી ગેટવે બનતું ગુજરાત' વિષયક સેમિનાર યોજાયો

### એનર્જી બાસ્કેટમાં નેચરલ ગેસનો ફાળો ૦૬%થી વધારીને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૫% સુધી પહોંચાડવાનો લક્ષ્યાંકઃ એમ.ડી. અવંતિકા સિંઘ, હાઈ કમિશ્નર ઓફ ધ રીપબ્લિક ઓફ રવાન્ડા જેક્લીન મુકાનગીરાની ઉપસ્થિતિ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મારવાડી યુનિવર્સિટી ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય અધ્યક્ષતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છ'નો શુભારંભ થયો હતો. ત્યારબાદ વિવિધ વિષયોના સેમિનાર યોજાયા હતાં. જે અન્વયે ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા એમ.ડી. અવંતિકા સિંઘના અધ્યક્ષસ્થાને 'તેલ અને ગેસ ક્ષેત્રમાં ભારતમાં અગ્રેસર રીતે એનર્જી ગેટવે બનતું ગુજરાત' વિષયક સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં એક્ઝીક્યુટીવ ડિરેક્ટર ઓફ ઓ.એન.જી.સી. મહેસાણા શ્રી સુનિલ કુમાર, એન્ટીલોપ્સ સેલાન એનર્જીના ડિરેક્ટર પિનાકધર મોહાપાત્રા, એડવાન્સ ગેસ એન્ડ એલ.એન.જી. બિઝનેસના ડિરેક્ટર દિવ્યેશભાઈ દેસાઈ અને આઈ.ઓ.એ.જી.પી.એલ.ના સી.ઓ.ઓ. ભાષિતભાઈ ધોળકીયાએ એનર્જી હબ તરીકે વધુ મજબૂત બનાવવાની રણનીતિ અંગે ચર્ચા કરી હતી.

આ સેમિનારમાં ઊર્જા ક્ષેત્રે ગુજરાત રાજ્યની ભૂમિકા અંગે પરામર્શ કરાયો હતો. વક્તાઓએ જણાવ્યું હતું કે, ગુજરાત પોતાની ભૌગોલિક સ્થિતિ અને લાંબા દરિયાકાંઠાને કારણે ભારતનું 'એનર્જી ગેટવે' બની રહ્યું છે. એનર્જી બાસ્કેટમાં નેચરલ ગેસનો ફાળો અંદાજે ૦૬% છે, જેને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૫% સુધી પહોંચાડવાનો પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો ધ્યેય છે. હાલમાં ગુજરાતમાં ૨૭૦૦ કિલોમીટરથી વધુ ટ્રાન્સમિશન નેટવર્ક છે, ૫૩૦૦ કિલોમીટર જેટલું ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, ૧૦૦૦થી વધુ એલ.એન.જી. સ્ટેશન તથા ૦૫ એલ.એન.જી. ટર્મિનલની સુવિધા ઉપલબ્ધ છે.

આ તકે એમ.ડી. અવંતિકા સિંઘ, હાઈ કમિશ્નર ઓફ ધ રીપબ્લિક ઓફ રવાન્ડા જેક્લીન મુકાનગીરા સહિત જી.એસ.પી.સી.ના હોદ્દેદારોને મોમેન્ટો આપીને સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં દેશ-વિદેશના ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યાં હતાં. આમ, આ વાઈબ્રન્ટ કોન્ફરન્સે સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગ સાહસિકો માટે તેલ અને ગેસ ક્ષેત્રે રહેલી નવીન તકોના દ્વાર ખોલ્યા છે.

# વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરતી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છનો રાજકોટથી ભવ્ય પ્રારંભ

### વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પાંચ દિવસીય બિઝનેસ એક્ઝિબિશનનું ઉદ્ઘાટનઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, મુખ્ય સચિવ એમ.કે. દાસની પ્રેરક ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર-કચ્છની ઔદ્યોગિક ક્ષમતા અને કલા-કૌશલ્યનું પ્રદર્શન નિહાળ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આજે રાજકોટની મારવાડી યુનિવર્સિટી ખાતેથી વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરતી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છ અને પાંચ દિવસીય બિઝનેસ એક્ઝિબિશનનો ગરિમાપૂર્ણ શુભારંભ કરાવ્યો હતો. ક્ષેત્રીય આકાંક્ષાઓ સાથે વૈશ્વિક મહત્વકાંક્ષાના મંત્રને ચરિતાર્થ કરતા આ આયોજનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને મુખ્ય સચિવ એમ.કે. દાસ સહિતના મહાનુભાવો પ્રેરક ઉપસ્થિત રહી હતી.

ઉદ્ઘાટન બાદ વડાપ્રધાનએ ૧૮,૦૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા વિશાળ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. તેમણે એન્ટરપ્રાઈઝ એક્સેલન્સ પેવેલિયન માં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ, એસ્સાર, ન્યારા એનર્જી અને જ્યોતી સી.એન.સી. જેવા અગ્રણી એકમો દ્વારા દેશના આર્થિક વિકાસમાં અપાઈ રહેલા યોગદાનનું નિરીક્ષણ કર્યું હતું. આ તકે વડાપ્રધાનએ ગુજરાતની વધતી જતી ઔદ્યોગિક તાકાત અને ટેક્નોલોજીકલ પ્રગતિને બિરદાવી હતી.

સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાની અસીમ ક્ષમતાઓને ઉજાગર કરતા ઓશન ઓફ ઓપોર્ચ્યુનિટીઝ પેવેલિયનમાં વડાપ્રધાનએ વિશેષ રસ દાખવ્યો હતો. ગુજરાત મેરિટાઈમ બોર્ડ દ્વારા બ્લુ ઈકોનોમીના વિકાસની રજૂઆત તેમજ રિલાયન્સ ન્યૂ એનર્જી જેવા સ્ટોલ્સ દ્વારા પ્રદર્શિત નવીન ટેકનોલોજીએ આકર્ષણ જમાવ્યું હતું. આ પ્રદર્શનમાં ઉદ્યોગ જગતના વિકાસ સાથે પર્યાવરણની જાળવણીના સમન્વયની ઝાંખી રજૂ કરવામાં આવી છે.

સ્થાનિક કલા અને લઘુ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે હર ઘર સ્વદેશી ના મંત્ર સાથે પેવેલિયન તૈયાર કરવામાં આવ્યું છે. વડાપ્રધાનએ અહીં ગ્રામીણ કારીગરોની હસ્તકલા અને સ્વદેશી હાટની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે બુક રિવ્યુમાં પોતાના પ્રતિભાવો પણ નોંધ્યા હતા. ૧૫મી જાન્યુઆરી સુધી ચાલનારું આ પ્રદર્શન વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકો માટે જ્ઞાનવર્ધક બની રહેશે અને વિકસિત ભારત @ 2047ના લક્ષ્યને નવી ગતિ આપશે.

# વાંકાનેરની ભાટીયા સોસાયટીમાં બંધ મકાનને નિશાન બનાવતા તસ્કરો, ૨ તોલા સોનુ અને રોકડની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર ટાઉનમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું છે, જેના વકીલ-પરિવાર ઘર બંધ કરી પોતાની વાડીએ ગયા હોય તે અરસામાં મેઈન દરવાજાનો નકુચો તોડી રૂમમાં કબાટમાંથી સોનાની બે વીંટી, ચેઈન તથા રોકડ સહિત કુલ ૪૫,૦૦૦/-ની માલમત્તાની ચોરી થયા અંગે ફરિયાદ નોંધાઈ છે, આ ઉપરાંત મિલ પ્લોટ અને જીનપરા વિસ્તારમાં અન્ય બે મકાનમાં પણ ચોરી થયા અંગે ફરિયાદ નોંધાવતા હાલ વાંકાનેર સીટી પોલીસે આરોપી અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી અકાગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વાંકાનેરમાં ભાટીયા સોસાયટીમાં રહેતા અને વકીલાત કરતા મહાવીરસિંહ જટુભા જાડેજા ઉવ.૪૯ એ અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, ગત તા.૦૯/૦૧ ના રોજ રાત્રીના પોતાના મકાનને લોક કરી ગારીયા ગામની સીમમાં આવેલ વાડીએ ગયા હતા.

ત્યારે બીજે દિવસે સવારમાં પાડોશી દ્વારા ફરિયાદીને ફોન કરીને જાણ કરી કે તેમના ઘરમાં ચોરી થઈ છે, જેથી ફરિયાદી તુરંત પોતાના ઘરે આવ્યા હતા. જ્યાં તસ્કરોએ ફરિયાદીના મુખ્ય દરવાજાના નકુચા તોડી ઘરમાં પ્રવેશ કર્યો હોય અને બેડરૂમમાં રાખેલ કબાટમાંથી સોનાની બે વીંટી, ચેઈન મળી કુલ કિ.રૂ.૪૦ હજારના દાગીના તેમજ રોકડા ૫ હજાર મળી કુલ રૂ.૪૫,૦૦૦/-ના માલમત્તાની ચોરી કરી લઈ ગયા હોવાનું બહાર આવ્યું હતું. આ સિવાય તસ્કરોએ વાંકાનેરના અન્ય વિસ્તારો મિલ પ્લોટમાં અવિનાશભાઈ પટેલ અને જીનપરા વિસ્તારમાં અક્ષયભાઈ દરજીના મકાનોમાં ચોરી કરી હતી. હાલ વકાનેર સીટી પોલીસે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ઘરફોડી કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# રાજકોટ ડિવિઝનના લોકો પાયલટ રામપ્રવેશ કુમારને રેલ મંત્રી દ્વારા અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર થી સન્માનિત કરવામાં આવ્યા

### ચાલતી માલગાડીમાં ગેસ લીકેજ પકડીને મોટી દુર્ઘટના ટાળી, રાષ્ટ્રીય સ્તરે મળી ઓળખ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝનના લોકો પાયલટ રામપ્રવેશ કુમારને તેમની સતર્કતા અને ઉત્કૃષ્ટ સેવા બદલ નવી દિલ્હી સ્થિત યશોભૂમિ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત ૭૦મા રેલ સપ્તાહ કેન્દ્રીય સમારોહમાં અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર-૨૦૨૫ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન માનનીય રેલવે, માહિતી અને પ્રસારણ તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા એનાયત કરવામાં આવ્યું હતું.

પીપાવાવ પોર્ટથી એલપીજી લઈને અંબાલા જઈ રહેલી માલગાડીના સંચાલન દરમિયાન, ચાલતી ટ્રેનમાં સાવરકુંડલા-લીલીયા મોટા સ્ટેશન વચ્ચે વળાંક આવતા તેમણે એક વેગનનું ઢાંકણ ખુલ્લું જોયું અને તાત્કાલિક ગાડી ઊભી રાખી દીધી હતી. તપાસ દરમિયાન વેગન નંબર ૦૮૯૮૬૬૮૧૮૧ BTPGLN માં ગેસ લીકેજ જોવા મળ્યું હતું. તેમની ત્વરિત સૂઝબૂઝ અને કાર્યવાહીને કારણે માત્ર એક સંભવિત મોટી દુર્ઘટના જ નથી ટળી, પરંતુ ગાડી, રેલવે સંપત્તિ અને સમગ્ર વિસ્તારની સુરક્ષા પણ સુનિશ્ચિત થઈ હતી.

આ વર્ષે ભારતીય રેલવેના વિવિધ ઝોનમાંથી વ્યક્તિગત શ્રેણીમાં અંદાજે ૧૦૦ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં પશ્ચિમ રેલવેના સાત કર્મચારીઓ સામેલ હતા. શ્રી રામપ્રવેશ કુમારની આ સિદ્ધિ રાજકોટ ડિવિઝન માટે વિશેષ ગૌરવની બાબત બની છે અને તેમની નિષ્ઠાની રાષ્ટ્રીય સ્તરે પ્રશંસા થઈ છે.

રાજકોટના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાએ કુમારને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, તેમની આ સિદ્ધિ સમગ્ર ડિવિઝન માટે સન્માનની વાત છે અને તે તમામ કર્મચારીઓને સુરક્ષા તેમજ સેવા શ્રેષ્ઠતાના ઉચ્ચતમ ધોરણો જાળવી રાખવા માટે પ્રેરણા આપે છે.

# જેતપુરના રેશમડીગાલોલ ગામે સાસરિયાના ત્રાસથી પરિણીતાનો આપઘાતનો પ્રયાસ

### પતિ, સાસુ, દિયર અને બે કાકાજી સસરા સામે ગુનો દાખલ; છ વર્ષના લગ્નગાળામાં મેણા-ટોણા મારી શારીરિક-માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર તાલુકાના રેશમડીગાલોલ ગામે સાસરિયાઓના અસહ્ય ત્રાસથી કંટાળી એક ૩૬ વર્ષીય પરિણીતાએ ફિનાઈલ પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા આ મામલે જેતપુર તાલુકા પોલીસે પતિ સહિત પાંચ સાસરિયાઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવની વિગતો મુજબ મૂળ રેશમડીગાલોલ ગામના અને હાલ પેઢલા ગામે પિયરમાં રહેતા કાજલબેન યોગેશભાઈ વઘાસીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના લગ્ન છ વર્ષ પહેલા યોગેશભાઈ હરિભાઈ વઘાસીયા સાથે થયા હતા. લગ્નના શરૂઆતના છ માસ સારી રીતે રાખ્યા બાદ, પતિ યોગેશભાઈ, સાસુ હેમલતાબેન, દિયર નિકુંજભાઈ અને બે કાકાજી સસરા કાળુભાઈ તથા મનસુખભાઈએ નાની-નાની બાબતોમાં મેણા-ટોણા મારી શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. સાસરિયાના ત્રાસથી કંટાળી કાજલબેન છેલ્લા છ માસથી તેમની પોણા ત્રણ વર્ષની દીકરી સાથે પિયર રિસામણે રહેતા હતા. પિયરમાં આર્થિક સ્થિતિ નબળી હોવાથી ગત તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ તેઓ દીકરીને તેના પિતાના ઘરે મૂકવા ગયા હતા. આ સમયે સાસરિયાઓએ તેમની સાથે ઝઘડો કરી અભદ્ર વર્તન કરતા, કાજલબેને હતાશામાં આવીને ત્યાં જ ફિનાઈલ પી લીધું હતું.ઘટના બાદ કાજલબેને તુરંત ૧૮૧ હેલ્પલાઇન પર ફોન કરતા તેમને જેતપુર અને બાદમાં વધુ સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

# કોટડાસાંગાણીના સોળીયા ગામની સીમમાંથી સિંહણનું રેસ્કયુ કરાયુ

**મુખ્ય સમાચાર, કોટડા સાંગાણી**

કોટડાસાંગાણી તાલુકામા છેલ્લા ત્રણેક મહિનાથી સિંહણ ના આટા ફેરા કરવામાં આવી રહી હતી અને ખેડૂતોને વાડીએ જવું હોયતો ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો અને સિંહણ છેલ્લા ૧૫ દિવસથી સોળીયા ગામની સીમમાં આવેલ હતી ત્યાં એક નીલ ગાયનું મારણ કર્યું હતું અને ફરીથી સિંહણ બીજું પણ નીલ ગાયનું મારણ કર્યું હતું અને લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો અને ખેડૂતોને પોતાની વાડીએ જવું પણ મુશ્કેલ બની ગયું હતું આ સિંહણના સતતં સમાચારોમાં અને વિડિયો બનાવીને વાયુવેગે પ્રસરતા થયા અને તંત્ર દ્વારા તાત્કાલિક પીજરા ઓ મુકીને સિંહણને રેશીયુ કરવામાં પીંજરામા ઘેટાં નું બચલુ મુકવામાં આવેલ અને સિંહણને પકડવા માટે પીંજરા મુકવામાં આવેલ પકડવા શુક્રવારના ઓફિસરો અલગ ટીમો સિંહણને સાંજના ૮ વાગ્યા સુધીમા રેશીયુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને લોકોમાં અને ખેડૂતોને મોટી રાહતનો શ્વાસ લીધો હતો અને છેલ્લા ત્રણ માસથી વધારે સમયથી સિંહણનાં આટા ફેરા કરી રહી હતી અને સોળીયા ગામની સીમમાંથી સિંહણને પકડી પાડેલ હતી અને સામાજિક વર્ગ જેતપુર સામાજિક વનીકરણ રેંજ કોટડા સાંગાણી તથા ગોંડલ નોર્મલના સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવી હતી વી.ડી. અંટાળા, રેન્જ ફોરેસ્ટ ઓફીસર, કોટડાસાંગાણી તથા પી.આર. મોરડીયા, રેન્જ ફોરેસ્ટ ઓફીસર-જેતપુર, પ્રતીપાલસિહ જાડેજા ફોરેસ્ટર, વાય.એન. જાડેજા, એન.જે. હરીયાણી, એમ.બી. જાળેલા, સી.બી. વિરમગામી, કે.પી. હેરમા, કે.પી. જાડેજા, એ.કે. તેરૈયા, એસ.ડી. દવે, એસ.બી. ખાત્રા તથા જેતપુર રેન્જના વન્યપ્રાણી ટ્રેકસ તથા લેબર જોડાયા હતા.

# જામજોધપુર તાલુકાના પી.એમ.પોષણ યોજનાના કેન્દ્રો પર સંચાલક અને રસોયાની જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવી

### લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૩૧ જાન્યુઆરી સુધીમાં અરજી કરવાની રહેશે

**મુખ્ય સમાચાર, જામજોધપુર**

જામજોધપુર તાલુકાના પી.એમ.પોષણ યોજનાના બે કેન્દ્રો ભાલારાનેશ પ્રાથમિક શાળા અને વીરપુર વાડી પ્રાથમિક શાળામાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે નિયત માનદવેતન દ્વારા કેન્દ્ર સંચાલક અને રસોયાની ખાલી પડેલ ૧-૧ જગ્યાઓ પર નિમણૂક કરવાની છે. રસ ધરાવતા તેમજ સરકારના પરીપત્ર મુજબ એસ.એસ.સી.ની લાયકાત ધરાવતા ૨૦ થી ૬૦ વર્ષની વયમર્યાદા ધરાવતા તંદુરસ્ત અને કોઈપણ ગુનાહીત કૃત્ય કરેલ ન હોય તેવા ઉમેદવારોએ તા.૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં જામજોધપુર મામલતદાર કચેરી ખાતે કામકાજના સમય દરમિયાન નિયત નમુનામાં આધારો આથે અરજી કરવાની રહેશે. નિયત નમુનાના અરજી ફોર્મ કામકાજના સમય દરમિયાન કચેરીની પી.એમ.પોષણ શાખા માંથી વિના મુલ્યે મળી શકશે.મહીલાઓ, સ્થાનિક ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે. સમય મર્યાદા બહાર આવેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહી.

એસ.એસ.સી. અભ્યાસ બાબતે છુટ આપવામાં આવશે,હોમગાર્ડમાં ફરજ નિભાવનાર અરજી કરી શકશે,અન્ય ગામના ઉમેદવાર હશે તો પણ અરજી કરી શકશે તેમ જામજોધપુર મામલતદારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢમાં દેશીદારૂની મિનિ ફેક્ટરી પર એસએમસીનો દરોડો



### એ ડિવીઝન પોલીસ સ્ટેશન ૧૭૫૫ લીટર દારૂ, ૯૮૦૦ લીટર આથા સાથે નવ શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢમાં કાળવાચોક પાછળ કાળવા નદી કાંઠે ખૂલ્લેઆમ ધમધમતી દેશીદારૂની મિનિ ફેક્ટરી (ભઠ્ઠી) પર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડયો હતો. ૩.૫૧ લાખના ૧૭૫૫ લીટર દેશી દારૂ, ૯૮૨૦ લીટર દારૂ માટેનો આથો, દારૂ બનાવવાના સાધનો સાથે નવ શખસોને ૧૧.૧૪ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે.

આવી રીતે દેશી દારૂની નદી (ખૂલ્લેઆમ ફેક્ટરી જેમ) ચાલતું હોય અને સ્થાનિક પોલીસ અંધારામાં રહે તે ભારે આશ્ચર્ય માડનાર કહેવાય. જૂનાગઢમાં દારૂની મિનિ ફેક્ટરી ખૂલ્લેઆમ ચાલતી હોવાની અને વાહનોમાં દારૂના જથ્થાની હેરફેર થતી હોવાની માહિતી આધારે એસએમસીના પીએસઆઈ કે.એચ. ઝણકાંટ તથા ટીમે દરોડો પાડ્યો હતો. નદીકાંઠે દારૂ બનાવાતો હતો. ત્રણ-ત્રણ ભઠ્ઠીઓ ચાલતી હતી. પોલીસે સ્થળ પરથી જૂનાગઢ રબારીવાસમાં રહેતા ગોવિંદ ઉર્ફે અબલુ નારણભાઈ મોરી, તેના ભાઈ રાજુ, કૌશિક, દેવેન્દ્ર ઉર્ફે દેવા રાજુ મોરી, યશ પોલાભાઈ મોરી, ગીગન માંડાભાઈ ગળચર, માંડા કારાભાઈ મોરી, જૂનાગઢના વીજાપુરના અતુલ ઉર્ફે અજીત મનુભાઈ ખરેડ તથા સગીરવયના મળી નવ શખસને પકડી પાડયા હતા.

તૈયાર દારૂ તથા આથો ૧૧,૫૭૫ લીટર મળી અઘધ કહેવાય તેમ અંગ્રેજી દારૂના આંક પ્રમાણે ૬.૦૬ લાખનો તો જથ્થો હાથ લાગ્યો હતો. ૧૬ બેરલ તેમજ દારૂ બનાવવા માટેના સ્ટવ, ગેસના ૧૫ બાટલાઓ, દારૂનો જથ્થો ભરવા માટેના ૧૭ બાચકાઓ વાહનો મળી ૧૧,૧૪,૯૫૦ની કિંમતનો મુદ્દામાલ કબજે લેવાયો હતો. ખૂલ્લેઆમ ધમધમતી અને આટલા મુદ્દામાલ સ્થળ પર હોય છતાં સ્થાનિક જૂનાગઢ પોલીસને ખ્યાલ ન પડે તેને લઈને પોલીસની પકડ ઢીલી હશે કે બુટલેગરોને છુટ હશે ? તેવી ભારે ચર્ચા જાગી છે.

# રાજકોટ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભરત ડાભીનો જન્મ દિવસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને જીલ્લામાં નાની વયે અનેક વિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા અને ટુંક સમયમાં લોક ચાહના મેળવનાર રાજકોટ શહેર ચુંવાળીયા કોળી સમાજ ના પ્રમુખ શ્રી ભરતભાઈ ડાભી કે જેઓ રાજકોટ તાલુકા પંચાયત ના કારોબારી ચેરમેન તેમજ પુર્વ બેડી ગ્રામ પંચાયતના સરપંચ તરીકે સેવા આપેલ છે તેમજ જય વેલનાથ સમુહ લગ્ન સમિતિના પુર્વ પ્રમુખ છે તેમજ વેલનાથ યુવક મંડળ ના પુવ પ્રમુખ તથા રાજકોટ જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પુર્વ પ્રભારી હોય અને સીવીલ હોસ્પિટલ માં રોગી કલ્યાણ સમિતિના સભ્ય છે તથા અન્ય સામાજીક સંસ્થાઓ સાથે રહીને સમાજ સેવાની ઉડીને આંખે વળગે તેવી સેવાનું પ્રદાન કરતા આ તરવૈયા યુવા નેતા આજે તા.૧૨/૦૧/૨૦૨૬ ના ૩૭ માં વર્ષમાં પ્રવેશ કરે છે. જે જન્મ દિવસ ઉપર સમાજના લોકોનો ચોમેરથી શુભેચ્છાઓની વર્ષા થઈ રહેલ હોય તેમનો મો.નં.૯૭૧૨૧૯૪૨૦૧ છે.

# રાજકોટમાં કંપની સાથે કર્મચારીએ-આચરી ૧૦ લાખની છેતરપિંડી

### નોકરીમાં જોડાયાના ૨૦માં દિવસે ઠગાઈ આચર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના જામનગર રોડ ગાયત્રીધામ સોસાયટી-૫માં રહેતા અને સીએમએસ ઈન્ફો સિસ્ટમ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા ગોપાલસિંહ પ્રધુમ્નસિંહ ઝાલાએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, કંપનીમાં વિશેક દિવસથી વેરાવળ-સોમનાથના વતની અને રાજકોટના -મવડી ઓમનગર શેરી નં. ૬ પાસે રહેતાં સાગર દેવળિયા અને છ માસથી સાહિલ ઘાંચી મહેસાણા બ્રાંચમાં કસ્ટોડિયલ તરીકે નોકરી કરે છે.હવે અમારી ઓફિસે જોડાયેલા છે. તેમણે ૧૦ લાખ પોતાના અંગત વપરાશ માટે કાઢી લીધા હતા.ગત તા.૩ના ઓફિસમાં ગણતરી વેળાએ ૧૦ લાખની ઘટ આવી હોય જેથી તપાસ કરતા સાગરે રકમ ઓછી જમા કરાવ્યાનું ખૂલતા ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવમાં કંપની મેનેજર સાથેની વાતચીતમાં સાગરે ગાડીમાં જ કંપનીની કુલ રકમમાંથી રૂ.૧૦ લાખ પોતાની પાસે રાખી લીધા બાદ પોતે રાત્રે મેનેજરને કોલ કરી સોમનાથ-વેરાવળ રહેતા તેના પિતાને હાર્ટએટેક આવ્યો હોવાથી ૩ દિવસ નોકરી પર નહીં આવે તેવું જણાવ્યું હતું. કંપની મેનેજરે આ સાગર દેવળિયા ગાડીમાં હતો ત્યારે ટિફિનની થેલી કે લેપટોપ બેગમાં પૈસા નાખી રફુચક્કર થયો હોવાની શંકા વ્યક્ત કરી હતી.

# સડક પીપળીયા અને રીબડા વચ્ચે હાઈ-વે પર માસૂમ બાળક ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે પર આજે સવારે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. રીબડા અને સડક પીપળીયા ગામ વચ્ચે આવેલા સુવિધા ગેટ પાસેના એક નાલા નજીકથી આશરે ૪ વર્ષનું માસૂમ બાળક ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલત-માં મળી આવતા ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતા જ સેવાભાવી યુવકો અને પોલીસ કાફલો મદદે દોડી ગયો હતો.



આ અંગેની વિગતો મુજબ, હાઈ-વે પરથી પસાર થતા રાહદારીઓની નજર નાલા પાસે પડેલા આ બાળક પર પડી હતી. બાળક લોહીલુહાણ હાલતમાં હોવાથી તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. પ્રાથમિક સારવાર માટે બાળકને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યું હતું. ગોંડલ સિવિલ હોસ્પિટલમાં હાજર શિવમ ગ્રુપના સેવાભાવી યુવકોએ બાળકની ગંભીર સ્થિતિ જોતા તેને વધુ સારવાર માટે તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવાની વ્યવસ્થા કરી હતી. રાજકોટ સિવિલ ખાતે રોગી કલ્યાણ સમિતિના સભ્ય રાજા ચાવડાએ તાત્કાલિક બાલાશ્રમના અધિકારીઓને આ અંગે વાકેફ કર્યા હતા.

તબીબી તપાસમાં બહાર આવ્યું છે કે માસૂમ બાળકના મોઢા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. ત્યારે માસૂમ બાળક પરિવારથી વિખૂટું પડી ગયું છે કે પછી કોઈ નિર્દયી વાલીએ તેને અહીં તરછોડી દીધું ? બાળકના શરીર પરની ઈજાઓ અકસ્માતને કારણે છે કે કોઈએ પહોંચાડી છે તે સહિતના અનેક સવાલો હાલ સર્જાયા છે. ઘટનાની ગંભીરતાને જોતા ગોંડલ તાલુકા પોલીસ મથકના પીઆઈ ડોડીયા સહિતનો કાફલો રાજકોટ સિવિલ હોસ્પિટલ પહોંચ્યો હતો.

આ કેસમાં સત્ય બહાર લાવવા માટે રૂરલ (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) અને સ્થાનિક પોલીસે અલગ-અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. હાલ પોલીસ બાળકના વાલી-વારસોની શોધખોળ કરી રહી છે.

# ટંકારામાં ૪ નંગ પ્રતિબંધિત ચાઈનીઝ ફીરકી સાથે એકની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મોચી બજાર વાળી શેરીમાં એક ઈસમ પ્લાસ્ટિકના ઝબલા સાથે શંકાસ્પદ હાલતમાં ઉભો હોય જેથી પોલીસે તેને રોકી તેની તલાસી લેતા તેમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરાની ચાર નંગ ફીરકી કિ.રૂ.૬૦૦/- મળી આવી હતી. આ સાથે પોલીસે આરોપી સિકંદરભાઈ હસનભાઈ મોઢીયા ઉવ.૩૭ રહે. ટંકારા મઠવાળી શેરી વાળાની અટકાયત કરી તેની વિરુદ્ધ બીએનએસ ૨૨૩ તથા જીપી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ગોંડલમાં સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી એસએમસીના દરોડાઃ રૂ.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે



### ગોંડલ પંથકમાં ખુલ્લેઆમ ચાલતા દેશી-વિદેશી દારૂના હાટડાની ફરીયાદોના પગલે એસએમસીએ વોચ ગોઠવી ૧૦૭૭ બોટલ વિદેશી દારૂ સાથે બે શખ્સોને દબોચી લઈ અન્ય ચાર આરોપીઓની શોધખોળ આદરી


**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં સતત વિવાદમાં રહેતા ગોંડલ પંથકમાં સરેઆમ દારૂ-જુગારના હાટડાઓ ચાલતા હોવાની ભૂતકાળમાં અનેકવાર ફરીયાદો ઉઠી છે અને પોલીસની મીલીભગતથી અસામાજીક તત્ત્વો ખુલેઆમ ગેરકાયદે પ્રવૃતિ આચરી રહ્યા હોવાની બૂ આવતા ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ગોંડલ પંથક પર બાજ નજર રાખી હોય તેમ સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી ગુજરાત સ્ટેટ મોનીટરીંગ ટીમે દરોડો પાડી મોવૈયાથી પાંજરાપોળ તરફ જતા રસ્તે બે વાહનોમાં વિદેશી દારૂની ૧૦૭૭ બોટલ સહિતનો કુલ રૂ.૧૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી સુરેન્દ્રનગર પંથક અને ગોંડલના બે શખ્સોને દબોચી લઈ અન્ય ચાર શખ્સોની શોધખોળ આદરી છે.

આ અંગેની માહિતી મુજબ ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલદિપ રાયની સુચનાથી ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના પોલીસ અધિક્ષક મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવી ગુજરાતમાં દારૂ અને જુગાર પરના પ્રતિબંધની કડક અમલવારી કરવાની સુચનાના પગલે એસએમસીના પીએસઆઈ જે.એચ.શીસોદીયા સહિતનો સ્ટાફ રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રેટ્રોલિંગમાં હતા ત્યારે એસએમસીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ગોંડલના મોવૈયાથી પાંજરાપોળ તરફના રસ્તે નદીના કાંઠે વિદેશી દારૂનું કટીંગ થવાનું હોય જેથી પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા બે વાહનોમાં દારૂનું કટીંગ થાય તે પહેલા એસએમસીની ટીમે ચોટીલા તાલુકાના ખાટડી ગામનો ભગીરથ ગભરૂ ખાચર અને ગોંડલનો અવેશ સોયબ શૈખ નામના બે બુટલેગરોને દબોચી લઈ વિદેશી દારૂની ૧૦૭૭ બોટલ કિંમત રૂ.૬.૩૭ લાખ તથા બે વાહનો, મોબાઈલ, રોકડ સહિત કુલ રૂ.૧૫ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયેલા બન્ને શખ્સોની આકરી પુછપરછ કરતા દારૂનો જથ્થો મોકલનાર ખાટડીનો ખોટુ વલકુ ગોવાડીયા અને તેનો ભાગીદાર ખામડા સાંળગપુરનો મુન્ના અમુક ખાચર તથા નંબર પ્લેટ વગરના વાહન માલીક તેમજ કોટડાસાગાણીના હડમતાળાનો દિગુભા જાડેજા સહિત ચાર શખ્સોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

# અમૃતા સોસાયટીમા પટેલ વૃધ્ધના ફલેટમા ધુસી પાંચ શખ્સોએ આતંક મચાવ્યોઃ તોડફોડ

### બળજબરીથી જમીનનો દસ્તાવેજ કરાવી લીધા બાદ મોટી રકમની ખંડણી માગી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ટેલીફોન એકસચેન્જ પાસે આવેલ અમૃતા સોસાયટીમાં જતન એપાર્ટમેન્ટમાં રહેતા અને જમીન લે-વેચનો વ્યવસાય કરતા પટેલ વૃધ્ધના ફલેટમાં પાંચ શખ્સોએ ધુસી જઈ તોડફોડ કરી આતંક મચાવી મોટી રકમની ખંડણી માંગી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરીયાદ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાયા બાદ પોલીસે પ્રાથમીક તપાસ શરૂ કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ અમૃતા સોસાયટીમાં રહેતા કાનજીભાઈ કલ્યાણજીભાઈ કાનકડ (ઉ.વ.૬૪) નામના પટેલ વૃધ્ધે ગાંધીગ્રામ પોલીસમાં જેતપુર તાલુકાના મોણપર ગામનો જોરૂ મંગુ ધાંધલ, અમરેલીના અંટાળીયા ગામનો ઉદય ખુમાણ, મોણપરનો નિલેશ ધાંધલ, વિરપુરનો અંકિત અને એક અજાણ્યા સહિત પાંચ શખ્સો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, ગઈ તા.૧૦-૧ના સાંજના સમયે પોતે તેના જતન એપાર્ટમેન્ટમાં આવેલા ફલેટમાં હતા ત્યારે પાંચેય શખ્સો ફલેટમાં ગેરકાયદે ધુસી જઈ વૃધ્ધ પાસેથી બળજબરીથી જમીનના દસ્તાવેજ ઉપરાંતના રૂપિયા દેવાના બાકી છે તેમ કહી ખોટી રીતે મોટી રકમની ખંડણીની ઉઘરાણી કરતા વૃધ્ધે રૂપિયા આપવાની ના કહેતા પાંચેય શખ્સોએ ફલેટમાં તોડફોડ કરી છરી કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હોવાની ફરીયાદ નોંધાવતા પીએસઆઈ વી.ડી.રાવલીયાએ ગુન્હો નોંધી હુમલાખોરોની શોધખોળ આદરી છે.

# જેતપુરમાં પત્નિ-પુત્રી પર ખુની હુમલામાં પત્નિની હત્યા, પતિની ધરપકડ

### પુત્રીને ગંભીર ઈજાઓ પહોંચતા સારવારમાં તેની ફરિયાદ પરથી ગુનો નોંધાયો



**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં મર્ડરના આરોપીને ગણતરીના કલાકોમાં પકડી પાડી, સરકાર દ્વારા ઈશ્યુ કરવામાં આવેલ મોબાઈલ ફોરેન્સિક વાનના માધ્યમથી ગુનાની જીવણટ ભરી રીતે તપાસનો ધમધમાટ શરૂ કરતી જેતપુર સીટી પોલીસ ટીમ.

જેતપુર શહેરમાં ભોજાધાર વિસ્તારમાં રહેતા રીતુસિંગ વા/ઓફ અમિતશ્રી લક્ષ્મણ તિવારીએ પોતાની ફરીયાદ જાહેર કરેલ કે, આરોપી રાકેશસીંહ ઉર્ફે દિલપ ફતેબાહદુરસિંહ જગતબાહદુરસિંહને ફરીયાદી રીતુસિંગ તથા તેના માતા ગોરકી ઉર્ફે રેખા સાથેનો સબંધ ગમતા ન હોય જે બાબતનો ખાર રાખીને ફરીયાદી રીતુસિંગના ઘરે આરોપી રાકેશ સિંહ જઈ ફરીયાદી રીતુસિંગની માતા ગોરકી ઉર્ફે રેખા સાથે ઝગડો કરી ફરીયાદીના માતાને મારી નાખવાના ઈરાદે પેટ, સાથળ તથા પીંડીના ભાગે કાતરથી જીવલેણ ઘા મારી ફરીયાદીના માતા ગોરકી ઉર્ફે રેખાનું મોત નિપજાવી તેમજ ફરીયાદી રીતુસિંગને પેટના ભાગે કાતરનો એક ઘા મારતા જેતપુર સીટી પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ એ ગુ.ર.ન. ૧૧૨૧૩૦૨૨૨૬-૦૦૪૧/૨૦૨૬ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૩(૧), ૧૧૮(૨) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુનો દાખલ થયેલ હતો.

જે મર્ડરના બનાવની ગંભીરતાને ધ્યાને લઈને રાજકોટ રેન્જના પોલીસ મહાનીરીક્ષક અશોકકુમાર યાદવ તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર તથા નાયબ પોલીસ અધિક્ષક રોહીતસિંહ ડોડીયાનાઓએ મર્ડર કરનાર આરોપી રાકેશસીંહ ઉર્ફે દિલપ ફતેબાહદુરસિંહ જગતબાહદુરસિંહને તાત્કાલીક પકડી પાડવા સુચના આપેલ હતી. જે અનુસંધાને અમો પોલીસ ઈન્સપેક્ટર એ.ડી.પરમારના સીધા માર્ગદર્શન હેઠળ જેતપુર સીટી પોલીસ સ્ટાફની અલગ અલગ ટીમ બનાવી ખાનગી હકિકત તથા ટેકનીકલ રીતે આરોપી રાકેશસીંહ ઉર્ફે દિલપ ફતેબાહદુરસિંહ જગતબાહદુરસિંહને જેતપુર, ધોજાધાર, હનુમાન મંદિર પાસેથી મર્ડરના ગુનામાં હથીયાર તરીકે ઉપયોગ કરેલ કાતર સાથે ગણતરીના કલાકોમાં પકડી પાડી સરકાર દ્વારા ઈશ્યુ કરવામાં આવેલ મોબાઈલ ફોરેન્સિક વાનના માધ્યમથી ફોરેન્સિક સાયન્સ ઓફિસર શ્રીપી.બી.નરવેની સુચના મુજબ ટેકનીકલ જીણવટ ભરી રીતે ગુનાની તપાસનો ધમધમાટ ચાલુ કરી મર્ડરના આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરવામાં આવેલ છે. આરોપી રાકેશસીંહ ઉર્ફે દિલપ તેબાહદુરસિંહ જગતબાહદુરસિંહ, પટેલ, રહે હાલ ભોજાધાર, જેતપુર, જી.રાજકોટ. મળુ રહે.રેલ્વે સ્ટેશનની પાસે, નારાયણપુર, તા. ચુનાર, થાના-નારાયણપુર, જી. મીર્ઝાપુર, ઉતર પ્રદેશ વાળા પાસે હત્યામાં વપરાયેલ સ્ટીલની ચળકાટ ઘરાવતી ધાતુની દુધીયા હાથા વાળી કાતર, કબજે કરી હતી. હત્યા શા માટે કરી તે અંગે પુછપરછ હાથ ધરાતા આ કામના આરોપીની મરણજનાર પત્ની ગોરકી ઉર્ફે રેખા તેની ઈજાપામનાર દિકરી રીતુસિંગ સાથેનો સબંધ ગમતો ના હોય જેનો ખાર રાખી આરોપીએ સ્ટીલની કાતર વડે ગોરકી ઉર્ફે રેખાને મારી નાખવાના ઈરાદે પેટ, સાથળ તથા પીંડીના ભાગે જીવલેણ ઘા કરી ઈજા કરી મર્ડર કરેલ છે. આ અંગેની કામગીરીમાં જેતપુર સીટી પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી એ.ડી. પરમાર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.પી.મલ્હોત્રા એ.એસ.આઈ. ભાવેશભાઈ ચાવડા તથા મિલનસિંહ ડોડીયા તથા રવજીભાઈ હાપલિયા જોડાયા હતાં.

# ઉપલેટામાં જૂની અદાવતમાં સગીર પર ખુની હુમલો

### હુમલાની ઘટના બાદ કિશોરના પિતાનો ઉપલેટા પોલીસ પર ગંભીર આક્ષેપ



**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટાના લાલા બાગ, મુરઘીવાડા વિસ્તારમાં રહેતા રિયાઝ ઉસ્માન સૂર્યાનો પુત્ર રિહાન સૂર્યા હોટલ પર કામે જઈ રહ્યો હતો. તે સમયે ધોરાજી રોડ પર અકરમ વાંચી નામના શખ્સે રિહાનનું બાઈક આડું નાખી તેને અટકાવ્યો હતો. અકરમે રિહાન સાથે બોલાચાલી કરી તેને મૂઢમાર માર્યો હતો અને જોરદાર ધક્કો મારતા રિહાન નીચે પટકાયો હતો. નીચે પડતા રિહાનનું માથું પથ્થર સાથે અથડાતા તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

હુમલા બાદ ગંભીર રીતે ઘવાયેલા રિહાનને તાત્કાલિક સારવાર માટે ધોરાજી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, ત્યાંના તબીબોએ તપાસ કરતા રિહાનને મગજના અંદરના ભાગે હેમરેજ હોવાનું નિદાન થયું હતું. તેની હાલત નાજુક હોવાથી પ્રાથમિક સારવાર બાદ તેને વધુ સઘન સારવ-ાર માટે જુનાગઢ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટના અંગે મીડિયા સાથે વાત કરતા ઈજાગ્રસ્ત રિહાનના પિતા રિયાઝભાઈ સૂર્યાએ ઉપલેટા પોલીસની કામગીરી સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે અને આ હુમલો જૂની અદાવતના કારણે કરવામાં આવ્યો છે. સામેવાળા અકરમ ઘાંચીએ અગાઉ પણ રિયાઝભાઈ પર છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો, જેની ફરિયાદ ઉપલેટા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

ઈજાગ્રસ્ત કિશોરના પિતાનો આક્ષેપ છે કે, અગાઉ ફરિયાદ કરવા છતાં ઉપલેટા પોલીસે સામેવાળા સામે કોઈ નક્કર પગલાં લીધા ન હતા અને તેમને ગંભીર આક્ષેપો સાથે જણાવ્યું છે કે, ઉપલેટા પોલીસ કોઈ જાતનું ધ્યાન દેતી નથી, તેવું તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું. રિયાઝભાઈએ ઉપલેટાના .ઈ. બી.આર. પટેલ પર ગંભીર આરોપ લગાવતા કહ્યું હતું કે, પીઆઈ આરોપીઓના માણસો છે અને તેઓ પંચને સપોર્ટ કરે છે. પોલીસ આરોપીઓને છાવરી રહી છે જેના કારણે આવા માથાભારે શખ્સોને ખુઠોઆમ ફરવાનો મોકો મળી રહ્યો છે. ઈજાગ્રસ્ત કિશોરના પિતાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે, ઉપલેટા પોલીસ સાંભળતી ન હોવાથી તેમણે ના છૂટકે સારવાર અને ન્યાય માટે ધોરાજી આવવું પડ્યું છે. ઉપલેટા શહેરમાં સરેઆમ રસ્તા પર એક નાબાલિક છોકરા પર થયેલા હુમલા અને પોલીસની કથિત બેદરકારીને કારણે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પીડિત પરિવાર હાલ ન્યાયની માંગ કરી રહ્યો છે અને જો પોલીસ દ્વારા અકરમ ઘાંચી સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો આ મામલો વધુ ઉગ્ર બને તેવી શક્યતા છે જોકે ઉપલેટા શહેરમાં છેલ્લા ઘણા સમયથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કોથળી હોવામાં અધિકારી ઢીલા પડતા હોવાનું કે નબળી કામગીરી કરતા હોવાની અનેક ફરિયાદો ઉપલેટા પંથકમાં ઉઠવા પામી છે.

# જેતપુરમાં રબારીકા રોડ પર ઓરડીમાંથી મહિલાની હાથ-પગ બાંધેલી હાલતમાં લાશ મળી

### પાંચ દિવસ પહેલા જ સુરતથી જેતપુર આવેલી પ્રૌઢાની કરપીણ હત્યા; કયા કારણોસર હત્યા થઈ તે અંગે પોલીસ દ્વારા તપાસ

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર શહેરમાં રબારીકા રોડ પર એમ.જે. ઉદ્યોગનગર વિસ્તારમાં એક અવાવરુ ઓરડીમાંથી સુરતની પ્રોઢ મહિલાની હાથ-પગ બાંધેલી હાલત-માં લાશ મળી આવતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

રબારીકા રોડ પરએમ.જે. ઉદ્યોગનગરના એક ખુલ્લા પ્લોટમાં આવેલી ઓરડીમાં શંકાસ્પદ હાલત-માં લાશ હોવાની જાણ થતા સ્થાનિકોએ પોલીસને સતર્ક કરી હતી. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતા અંદાજે ૪૫ વર્ષીય મહિલાની લાશ મળી હતી, જેના હાથ-પગ દોરડાથી બાંધેલા હતા. પોલીસે તુરંત તપાસ શરૂ કરી મૃતકની ઓળખ અનિતાબેન (ઉ.વ. ૪૫, રહે. નિયોલ, સુરત) તરીકે કરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, મૃતક અનિતાબેન આ કામના શંકાસ્પદ આરોપી ગજાવર રાજમન સિગ પટેલ (રહે. અલ્હાબાદ, યુપી) સાથે મૈત્રીપૂર્ણ સંબંધોમાં હોવાથી તેની સાથે રહેવા માટે માત્ર પાંચ-છ દિવસ પહેલા જ સુરતથી જેતપુર આવ્યા હતા. તેઓ અહીં 'સગુણા' નામના કારખાનામાં સાથે રહેતા હતા આ અંગેની મળતી માહિતી મુજબ, કોઈ ભાબતે બંને વચ્ચે બોક્ષાચાલી થઈ હતી, જે બાદ અનિતાબેનની કરપીણ હત્યા કરી દેવામાં આવી હતી. જોકે, આ હત્યા પાછળનું ચોક્કસ કારણ શું હતું અને કયા ડખ્ખામાં આ ખૌફનાક પગલું ભરવામાં આવ્યું. તે અંગે પોલીસ હાલ ઝીણવટભરી તપાસ ચલાવી રહી છે. આરોપીએ પાપ છુપાવવા મહિલાના હાથ-પગ બાંધી લાશને ઓરડીમાં ફેંકી દીધી હોવાનું મનાઈ રહ્યું છે.

જેતપુરમાં છેલ્લા ૧૨ કલાકમાં હત્યાની આ બીજી ઘટના છે. અગાઉ ભોજાધારમાં પિતાએ પત્નીની હત્યા કરી હતી, ત્યાં જ આ બીજો બનાવ બનતા લોકોમાં ભયનો માહોલ છે. સાડી ઉદ્યોગના હબ ગણાતા જેતપુરમાં પરપ્રાંતિય મજૂરોની વધતી જતી સંખ્યા અને તેમના રજીસ્ટ્રેશનના અભાવે સુરક્ષા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. ઉદ્યોગનગર પોલીસે આરોપી ગજાપરને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# કાલાવડ રોડ પર બે ફલેટના તાળા તોડી ૯.૪૯ લાખની ચોરી

### એક ફ્લેટમાં તસ્કર ત્રાટક્યા પણ સફળ ન થયાઃ મહિલા જૂનાગઢ માતાના ઘરે ગયા બાદ ચોરીને અપાયો અંજામ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં તસ્કરોએ બે ફ્લેટમાંથી ૯.૪૯ લાખની ચોરી તેમજ એક ફ્લેટમાં ચોરીનો પ્રયાસ થયો હોવાની ફરિયાદ નોંધાતાં જ દોડધામ મચી જવા પામી હતી.

આ અંગે ની માહિતી મુજબ કાલાવડ રોડ પર સાંઝા ચૂલા હોટેલની પાછળ ગોકુલમ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં ફ્લેટ નં.સી-૨૦૨ માં રહેતા જ્યોત્સનાબેન લાલજીભાઈ બગડાએ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેઓ ૧૦ જાન્યુઆરીએ જૂનાગઢ ખાતે માવતરના ઘરે ગયા હતા ત્યારે પાડોશીનો ફોન આવ્યો હતો કે તમારા ઘરના તાળા તૂટ્યા છે. આ પછી જ્યોત્સનાબેન તુરંત જ જૂનાગઢથી રાજકોટ આવવા નીકળ્યા હતા અને ઘેર આવીને જોતાં ફ્લેટમાં લોખંડના કબાટનો લોક તૂટેલો જોવા મળ્યો હતો અને તેમાં ૧.૨૫ લાખની રોકડ તેમજ સોનાના ઘરેણા મળી કુલ ૯.૩૪ લાખની ચોરી થયાનું ધ્યાન પર આવ્યું હતું. આ ઉપરાંત ગોકુલમ કો-ઓપરેટિવ સોસાયટીની બાજુમાં આવેલી એકલવ્ય સોસાયટીમાં જી-૩૦૬માં રહેતા મોહિતભાઈ ખીમજીભાઈ લાડવાના ઘરમાં પણ ૧૫૦૦૦ની ચોરી થયાનું ધ્યાન પર આવ્યું હતું તો જ્યોત્સનાબેનની સોસાયટીમાં જ બી-૨૦૪માં રહેતા રેખાબેન રાજેશભાઈ રાઠોડના ઘરના તાળા તોડવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. આમ બે ફ્લેટમાં ચોરી અને એક ફ્લેટમાં ચોરીનો પ્રયાસ થતાં જ રહેવાસીઓ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# સોની પાસેથી ૧૩.૪૯ લાખની ચાંદી મંગાવી મહારાષ્ટ્રના વેપારીએ ધુમ્બો માર્યો

### પાંચ વર્ષ સુધી વેપાર કર્યો હોય જેથી વધુ પડતો વિશ્વાસનો ભોગ બન્યાઃ નોંધાયો ગુનો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સોનીબજાર વિસ્તારમાં વેપાર કરતા એક સોની વેપારી સાથે વિશ્વાસઘાત અને છેતરપિડીની ઘટના સામે આવી છે. મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના વેપારી સાથે પાંચ વર્ષ સુધી વેપાર કર્યા બાદ વિશ્વાસમાં આપેલા અંદાજે ૩૧ કિલોથી વધુના ચાંદીના દાગીના ( કિંમત ૧૩.૪૯ લાખ) ઓળવી જતાં સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

આ અંગેની વિગતો મુજબ, અમીન માર્ગ પર આવેલ તપોવન સોસાયટીમાં રહેતા અને સોનીબજારના માંડવી ચોક પાસે 'આર.કે. સિલ્વર' નામે ભાગીદારીમાં પેઢી ચલાવતા રણજીતભાઈ ખેંગારભાઈ વાઢેર (ઉ.વ. ૫૮) એ મહારાષ્ટ્રના દેવીલાલ વાઘારામ માલી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, આરોપી દેવીલાલ માલી મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના આષ્ટાગામ ખાતે 'અર્બુદા સિલ્વર જ્વેલર્સ' નામે પોતાની દુકાન ધરાવે છે. છેલ્લા પાંચેક વર્ષથી બંને વચ્ચે વેપારી સંબંધો હતા અને દેવીલાલ સમયસર પેમેન્ટ કરી દેતો હતો. જોકે, ગત મે ૨૦૨૪માં આ સંબંધોમાં ખટાશ આવી હતી.દેવીલાલે ૧૮ કિલો ૧૦૪ ગ્રામ ચાંદીના દાગીનાનો ઓર્ડર આપ્યો હતો,

જેની કિમત ૮,૦૬,૧૮૯ થતી હતી. જેની સામે તેણે ૪,૨૨,૪૦૦ જમા કરાવ્યા હતા.ત્યારબાદ ફરી ૧૭ કિલો ૮૪૭ ગ્રામ દાગીના (કિંમત ૯,૬૫,૯૦૮) કુરિયર મારફતે મંગાવ્યા હતા. આમ આરોપી વેપારીઓએ કુલ ૩૧ કિલો ૭૨૭ગ્રામ ચાંદીના દાગીના મેળવી લીધા બાદ બાકી નીકળતા ૧૩,૪૯,૬૯૭ ચુકવવામાં દેવીલાલે ગલ્લાતલ્લા શરૂ કર્યા હતા.વેપારી રણજીતભાઈએ જ્યારે મહારાષ્ટ્ર જઈને રૂબરૂ ઉઘરાણી કરી ત્યારે પણ આરોપીએ માત્ર વાયદાઓ જ આપ્યા હતા. લાંબો સમય વીતી જવા છતાં અને ચાંદીના ભાવ વધવા છતાં નાણાં પરત ન મળતા અંતે રાજકોટ એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે ગુનો નોધી આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# લગ્નની ના પાડતા સગા ફઈના દીકરાએ યુવતી પર હુમલો કરી બ્યુટીપાર્લરમાં લગાવી આગ

### એકતરફી પ્રેમમાં પાગલ યુવકની કરતુત, નોંધાયો ગુનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પોતાની જ સગી ફઈની દીકરીના પ્રેમમાં એકતરફી પ્રેમમાં પાગલ યુવક દ્વારા યુવતીએ કરવાની ના ઉશ્કેરાઈને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આટલું જ નહીં યુવકે તેણીના ત્પાર્લરમાં આગ લગાવી આશરે ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦નું નુકસાન કરતાં સમગ્ર મામલો પોલીસ મથકે પહોચ્યો હતો.

આ અંગેની વિગતો મુજબ, મેઘમાયા નગર વિસ્તારમાં રહેતી ૨૫ વર્ષીય પાયલબેન દિનેશભાઈ ભોજણીએ યુનિવર્સિટી પોલીસ મથકમાં તેના સગા ફઈના દીકરા આરોપી સુનિલ ગોરધનભાઈ સાગઠીયા સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેણી રૈયા ગામ પાસે ''બોસ લેડી બ્યુટી સલુન'' ચલાવે છે. ગત તારીખ ૧૦ જાન્યુઆરીના સાંજના આશરે સાડા સાત વાગ્યે તેનો સગો ફઈનો દીકરો સુનીલ (રહે. જીલ્લા ગાર્ડન સોરઠીયા પ્લોટ) સલુન પર આવ્યો હતો. સુનીલે પાયલને તેની સાથે લગ્ન કરવા માટે દબાણ કર્યું હતું. જોકે, પાયલે લગ્નની સ્પષ્ટ ના પાડતા સુનીલ એકદમ્? ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો ભાંડી ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો. તેણે ધમકી આપી હતી કે, 'જો તું મારી સાથે લગ્ન નહીં કરે તો તને જાનથી મારી નાખીશ''.

હુમલા બાદ પાયલ ઘરે જતી રહી હતી, પરંતુ રાત્રિના આશરે ત્રણ વાગ્યાની આસપાસ તેની સાથે કામ કરતી યુવતીનો ફોન આવ્યો કે સલુનમાં આગ લાગી છે. પાયલ અને તેના પરિવારજનો ઘટનાસ્થળે પહોંચતા જોયું તો પાર્લર સળગી રહ્યું હતું. તપાસ કરતા જાણવા મળ્યું કે સુનીલે જ્વલનશીલ પદાર્થ છાંટીને આગ લગાવી હતી. આ આગમાં સલુનનું લાકડાનું કાઉન્ટર, ઈલેક્ટ્રિક વાયરિંગ અને અન્ય વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી.ઘટના અંગે યુવતીની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# પત્રકાર નરેન્દ્રસિંહ ઝાલાના માતાનું નિધનઃ આજે બેસણું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મૂળ એંજાર (હળવદ) નિવાસી હાલ રાજકોટ દૈવકુંવરબા (નાનાબા) મનુભા ઝાલા (ઉ.વ.૯૩) તેઓ સહદેવસિંહ (નિવૃત પી.આઈ.), જયેન્દ્રસિંહ (નિવૃત પી.એસ.આઈ.), નરેન્દ્રસિંહ (સંદેશ પ્રેસ)ના માતાનું તા.૯ને શુક્રવારના અવસાન થયેલ છે. બેસણું આજે સોમવારે સાંજે ૪થી ૬, શક્તિ કૃપા', બાબરીયા કોલોની મેઈન રોડ, રામેશ્વર મહાદેવ મંદિરની સામે તેમના નિવાસસ્થાને રાખેલ છે. ઉતરક્રિયા તા.૨૦મીએ મંગળવારના રોજ તેમના નિવાસસ્થાને રાખેલ છે.

## વાંકાનેરના માટેલ નજીક પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ૧ ફિરકા સાથે એક ઈસમ પકડાયો

વાંકાનેર તાલુકા પોલીસ ટીમે માટેલ ગામ નજીક અમરધામ પાસે શંકાસ્પદ હાલતમાં ઉભેલ આરોપી મનજીભાઈ જેસીંગભાઈ સરાવાડીયા ઉવ.૪૫ રહે.માટેલ તા.વાંકાનેર વાળાને રોકી તેની તલાસી લેતા તેના પાસેથી પ્રતિબંધિત જીવલેણ ચાઈનીઝ દોરીની ૧ ફીરકી કિ.રૂ.૧૦૦ મળી આવી હતી, જેથી પોલીસે આરોપીની અટકાયત કરી તેની વિરુદ્ધ જાહેરનામા ભંગની કલમ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં ચાંદીના વ્યવહાર સંબંધિત વિવાદમાં પો. કમિશ્નર સહિત છ શખ્સોને કોર્ટનું તેડુ

### પોલીસની શંકાસ્પદ ભુમીકા હોવાની વેપારીએ અદાલતમાં ફરીયાદ કરી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પોલીસની કામગીરી સામે ફરી એક વખત ગંભીર આક્ષેપો ઉઠયા છે. ૬૦ કિલો ચાંદીના વ્યવહાર સંબંધિત વિવાદમાં એ-ડિવિઝન પોલીસની ભૂમિકા શંકાસ્પદ હોવાનો આક્ષેપ કરતાં ચાંદીના દાગીના બનાવતા વેપારીએ પોલીસ કમિશનર સહિત ૬ વ્યક્તિ સામે અદાલતમાં ફરિયાદ નોંધાવી છે. આ કેસમાં રાજકોટના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા તમામ સામાવાળાઓને નોટિસ ઈસ્યૂ કરવામાં આવી છે. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, સામાવાળાની ફરિયાદ આધારે ખોટી સહીઓવાળા વાઉચરોના આધારે હરેશભાઈ સામે એફઆઈઆર કરવામાં આવી અને પૈસા ચૂકવવા પોલીસ દ્વારા દબાણ કરાયું. પીએસઆઈ ચાવડાએ ધમકી આપી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. આ કેસમાં પોલીસ કમિશનર બ્રજેશ ઝા, ડીસીપી રાકેશ દેસાઈ, પીઆઈ બી.વી. બોરીસાગર, પીએસઆઈ એસ.આર. ચાવડા, પુખરાજ જૈન અને તેના પુત્ર જીતેન્દ્ર સહિત કુલ ૬ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરિયાદી હરેશભાઈ નટવરલાલ કારેલિયા (ઉ.વ. ૫૫, રહે. લક્ષ્મીવાડી, રાજકોટ)એ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ છેલ્લા ૨૫ વર્ષથી ચાંદીના દાગીના બનાવવાનું મજૂરીકામ કરે છે. પુખરાજભાઈ જૈન અને તેમના પુત્ર જીતેન્દ્ર સાથે વર્ષોથી વ્યવસાયિક સંબંધ રહ્યો હતો. ચાર વર્ષ પહેલાં ૬૦ કિલો ફાઈન ચાંદી અને રૂ.૨૦ લાખ વ્યાજે લીધા હતા, જે સપ્ટેમ્બર-૨૦૨૫માં વ્યાજ સહિત ચૂકવી વ્યવહાર પૂર્ણ કર્યો હોવાનો દાવો કર્યો છે. ફરિયાદ મુજબ, તમામ હિસાબ ચૂકતા થયા બાદ પણ વધારાની રકમ અને ચાંદી માગવામાં આવી, ન આપતા ફરિયાદીના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હતી. આ બાબતે ૧૦/૧૦/૨૦૨૫ના રોજ એ-ડિવિઝન પોલીસમાં અરજી કરાઈ હોવા છતાં કોઈ કાર્યવાહી ન થઈ હોવાનો આક્ષેપ છે. ફરિયાદીના વકીલ નિલ શુક્લએ જણાવ્યું હતું કે, અદાલતે તમામ સામાવાળાઓ અને પોલીસ અધિકારીઓને કેસમાં અત્યાર સુધી કરેલી કાર્યવાહીનો રિપોર્ટ સાથે ૨૭-૧ના રોજ કોર્ટમાં હાજર થવા ફરમાન કર્યું છે.